અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


12 JANUARY-2026 MONDAY | Vol. : 17 | Issue : 192 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
Grok પર હવે AIથી અશ્લીલ તસવીરો નહીં બને: સૂત્રોનો દાવો- XએB ભૂલ....

4 
પશ્ચિમી દેશોમાં જાન્યુઆરી ડાયવોર્સ મન્થ તરીકે ઓળખાય છે

6 
ન્યૂઝીલેન્ડ સામેની મેચ પહેલા વિરાટ કોહલી તેના 'મિની વર્ઝન'ને મળ્યો

7 
ઈરાનમાં અશાંતિ ફેલાવાથી ભારતને મોટું નુકસાન, જાણો કઈ-કઈ વસ્તુઓની થાય...

## PMએ મેટ્રો ફેઝ-2નું લોકાર્પણ કર્યું: લોકોનું અભિવાદન ઝીલ્યું

### જય સોમનાથના નારા લાગ્યા, રાત્રિ રોકાણ માટે મોદી લોકભવન પહોંચ્યા





**રાજકોટ, તા.11**

પીએમ મોદીએ સવારે સોમનાથ ખાતે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ 2026'માં ભાગ લીધો. ત્યાર બાદ બપોરે વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ કોન્ફોરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાંથી આવીને સાંજે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં મેટ્રો સ્ટેશન અને ફેઝ-2નું લોકાર્પણ કર્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ કોન્ફોરન્સમાં સૌરાષ્ટ્ર-કચ્છના 7 જિલ્લામાં 3,540 એકરમાં ફેલાયેલી 13 નવી GIDCની જાહેરાત કરાઈ હતી. જામનગર, અમરેલી, ભાવનગર, કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગરમાં નવી 13 સ્માર્ટ GIDC બનશે.

આ તકે PM મોદીએ કહ્યું હતું કે મેં એકવાર કહેલું કે હું જોઈ શકું છું કે, મોરબી, જામનગર અને રાજકોટ આ ત્રિકોણ મિનિ જાપાન બનશે. ત્યારે મારી બહુ મજાક ઉડાવી હતી. આજે મારી આંખો સામે હકીકત જોઈ રહ્યો છું. સાથે જ વડાપ્રધાને સૌરાષ્ટ્રમાં ઈન્વેસ્ટમેન્ટ માટે યહી સહી સમય હૈં હોવાનું જણાવ્યું હતું.

### 8 કલાક પહેલાં દીકરીનો જન્મ, સ્ટ્રેચર પર પત્ની...

## તિરંગામાં લપેટાયેલા જવાનને વિદાય આપતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં લોકો

**મુંબઈ, તા.11**

મહારાષ્ટ્રના સાતારાના આરે દરે ગામમાં એક એવી ઘટના સામે આવી જેણે લોકોને રડાવી દીધા, આંખો ભીની થઈ ગઈ. દરેક ચહેરો ઉદાસ હતો, દરેક આંખ ભીની હતી. ગામની ગલીઓમાંથી જ્યારે તિરંગામાં લપેટાયેલું એક પાર્થિવ શરીર પસાર થઈ રહ્યું હતું, ત્યારે લોકો હાથ જોડીને માથું નમાવીને ઊભા હતા. આ અંતિમ યાત્રા ભારતીય સેનાના વીર જવાન પ્રમોદ જાધવની હતી, તેમને અંતિમ વિદાય આપવામાં આવી રહી હતી. આ વીર જવાન પોતાના પરિવારની ખુશીઓ વચ્ચેથી અચાનક મૃત્યુના ખોળામાં ચાલ્યો ગયો. પ્રમોદ જાધવ થોડાં દિવસો પહેલા રજા પર ઘરે આવ્યા હતા. તેમની પત્ની ગર્ભવતી હતી. દરેક જણ તે ક્ષણની રાહ જોઈ રહ્યા હતા, જ્યારે ઘરમાં નાના મહેમાનની કિલકારી ગુંજશે. પરંતુ નસીબને કંઈક બીજું જ મંજૂર હતું. એક



દર્દનાક માર્ગ અકસ્માતે પ્રમોદ જાધવનો જીવ લઈ લીધો. જે ઘરમાં ખુશીઓ આવવાની હતી, ત્યાં શોક છવાઈ ગયો.

પ્રમોદ જાધવના નિધનના થોડાં કલાકો પછી તેમની પત્નીએ દીકરીને જન્મ આપ્યો. પિતા આ દુનિયા છોડી ચૂક્યા હતા અને દીકરીએ આ દુનિયામાં પગ મૂક્યો. આ જીવન અને મૃત્યુનો એવો સંયોગ હતો, જેણે દરેકને અંદરથી હચમચાવી દીધા. જે બાળકીને તેના પિતાના હાથમાં ઝૂલવાનું હતું, તે જન્મતાની સાથે જ અનાથ થઈ ગઈ. ગામમાં લોકોને ખબર પડી તો શોક છવાઈ ગયો. જ્યારે સેના અને પ્રશાસનની હાજરીમાં અંતિમ સંસ્કારની તૈયારી શરૂ થઈ, ત્યારે દરેક આંખ ભીની હતી. સૌથી હૃદયદ્રાવક ક્ષણ ત્યારે આવી, જ્યારે પ્રમોદ જાધવની પત્નીને હોસ્પિટલમાંથી સીધા સ્ટ્રેચર પર અંતિમ દર્શન માટે લાવવામાં આવી. થોડાં કલાકો પહેલાં જ ડિલિવરી થઈ હતી, શરીર ખૂબ જ નબળું હતું, પરંતુ પતિને છેલ્લીવાર જોવા માટે તેમને ત્યાં લાવવામાં આવ્યા. આંખોમાંથી આંસુ રોકાવાનું નામ નહોતા લઈ રહ્યા, હોઠ ધ્રૂજી રહ્યા હતા અને હૃદય તે પીડા સહન કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું, જેને શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. ત્યારબાદ જે દૃશ્ય સામે આવ્યું, તેણે દરેક વ્યક્તિને રડાવી દીધા. માત્ર 8 કલાક પહેલા જન્મેલી માસૂમ દીકરીને ખોળામાં લઈને તેના પિતા પાસે લાવવામાં આવી. નાનકડી બાળકી, જેને હજુ દુનિયાની કોઈ સમજ નહોતી, તે ત્રિરંગામાં લપેટાયેલા પોતાના પિતા સામે હતી.

## ઓવૈસી બોલ્યા- આસામના CMના મગજમાં ટ્યુબલાઈટ છે

### તેમને બંધારણની સમજ નથી, હિમંતાએ કહ્યું હતું- આ હિંદુ રાષ્ટ્ર છે, PM પણ હિંદુ જ હશે

**મુંબઈ, તા.11**

ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ રવિવારે કહ્યું કે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના મગજમાં ટ્યુબલાઈટ છે. તેમણે કહ્યું કે સરમાને બંધારણની સમજ નથી.

ઓવૈસીએ શનિવારે કહ્યું હતું કે આ દેશની PM હિજાબવાળી દીકરી પણ બની શકે છે. તેના જવાબમાં હિમંતે કહ્યું હતું કે બંધારણીય રીતે તેને કોઈ રોક નથી. કોઈ પણ વડાપ્રધાન બની શકે છે. પરંતુ ભારત એક હિંદુ રાષ્ટ્ર છે અને વડાપ્રધાન હંમેશા એક હિંદુ વ્યક્તિ જ હશે. AIMIM પ્રમુખે મીડિયા સાથે વાત કરતા કહ્યું- હિમંતે બંધારણના શપથ લીધા છે. આ બંધારણમાં ક્યાં લખેલું છે? પાકિસ્તાનના બંધારણમાં લખેલું છે કે ફક્ત એક સમુદાયનો વ્યક્તિ જ તે દેશનો PM અને રાષ્ટ્રપતિ બની શકે છે. આપણા દેશમાં બાબાસાહેબ આંબેડકરે બંધારણ આપ્યું. તેઓ હિમંત બિસ્વા સરમા કરતાં વધુ બુદ્ધિમાન અને ભણેલા હતા. અસદુદ્દીન ઓવૈસીએ શનિવારે કહ્યું હતું કે એક દિવસ હિજાબ પહેરનારી દીકરી ભારતની વડાપ્રધાન બનશે. જે પક્ષો આજે દેશમાં મુસ્લિમો વિરુદ્ધ નફરત



ફેલાવવાનું કામ કરી રહ્યા છે, તેમની દુકાન હવે વધુ દિવસ ચાલવાની નથી. આના જવાબમાં મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી નિતેશ રાણેએ કહ્યું હતું કે ઓવૈસી હિંદુ રાષ્ટ્રમાં આવા નિવેદનો આપી શકે નહીં. જે લોકો આવા પદો પર બેસવા માગે છે, તેમને પોતાના ઈસ્લામિક દેશોમાં જવું જોઈએ.

ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા પ્રકાશ રેડ્ડીએ રવિવારે ઓવૈસી પર રાજકીય લાભ માટે વારંવાર સાંપ્રદાયિક તણાવ ભડકાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે દેશમાં કોઈ પણ કટ્ટર ધાર્મિક વિચારસરણીના આધારે વડાપ્રધાન બની શકે નહીં. AIMIM પ્રમુખે મીડિયા સાથે વાત કરતા કહ્યું- હિમંતે બંધારણના શપથ લીધા છે. આ બંધારણમાં ક્યાં લખેલું છે? પાકિસ્તાનના બંધારણમાં લખેલું છે કે ફક્ત એક સમુદાયનો વ્યક્તિ જ તે દેશનો PM અને રાષ્ટ્રપતિ બની શકે છે. આપણા દેશમાં બાબાસાહેબ આંબેડકરે બંધારણ આપ્યું. તેઓ હિમંત બિસ્વા સરમા કરતાં વધુ બુદ્ધિમાન અને ભણેલા હતા. રેડ્ડીએ કહ્યું- ફરી એકવાર, હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ હિજાબ પહેરેલી મહિલાના વડાપ્રધાન બનવા અંગે નિવેદન આપ્યું છે. ભારતીય બંધારણ કોઈપણ નાગરિકને ધર્મ, જાતિ, સંપ્રદાય કે વંશની પરવા કર્યા વિના વડાપ્રધાન બનવાની મંજૂરી આપે છે.

## ટ્રમ્પને ઈરાન પર હુમલાનો પ્લાન જણાવવામાં આવ્યો: અમેરિકી રાષ્ટ્રપતિએ હજી નિર્ણય નથી લીધો, સરકાર વિરોધી હિંસામાં 217નાં મોતનો દાવો

**તેહરાન, તા.11**

ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ દરમિયાન અમેરિકી અધિકારીઓએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન પર સંભવિત સૈન્ય હુમલાના વિકલ્પો અંગે બ્રીફિંગ આપી છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, જો ઈરાન સરકાર પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી કરશે, તો ટ્રમ્પ સૈન્ય પગલાં લેવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે રાષ્ટ્રપતિએ હજુ અંતિમ નિર્ણય લીધો નથી.

ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પર લખ્યું, "ઈરાન આઝાદી તરફ જોઈ રહ્યું છે, જે પહેલા ક્યારેય બન્યું નથી. અમેરિકા મદદ માટે તૈયાર છે." બીજી તરફ, ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર કાલિબાફે રવિવારે ચેતવણી આપી હતી કે જો અમેરિકા કે ઈઝરાયલ ઈરાન પર હુમલો કરશે, તો બંનેને સખત જવાબ આપવામાં આવશે.

બીજી તરફ ટાઈમ મેગેઝીને તેહરાનના એક ડોક્ટરના હવાલાથી જણાવ્યું છે કે ઓછામાં ઓછા 217 પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે. ન્યૂઝ એજન્સી APના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 2600થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ઈરાન પર અમેરિકી હુમલાની આશંકાને પગલે ઈઝરાયલ હાઈ એલર્ટ પર છે. રોયટર્સે ઈઝરાયલી સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે પરિસ્થિતિને જોતા ઈઝરાયલી સુરક્ષા એજન્સીઓએ સતર્કતા વધારી દીધી છે.

ઈઝરાયલ અને ઈરાન જૂનમાં 12 દિવસનું યુદ્ધ લડી ચૂક્યા છે, જેમાં અમેરિકાએ ઈઝરાયલ સાથે મળીને હવાઈ હુમલા કર્યા હતા. શનિવારે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી.

રિપોર્ટ મુજબ આ વાતચીતમાં ઈરાનમાં અમેરિકી દખલગીરીની સંભાવના પર ચર્ચા કરવામાં આવી હતી. અમેરિકી અધિકારીએ કોલની પુષ્ટિ કરી છે, પરંતુ વાતચીતના મુદ્દાઓનો ખુલાસો કર્યો નથી.

ઈરાને અમેરિકાની સંભવિત સૈન્ય કાર્યવાહી પર આકરી ચેતવણી જાહેર કરી છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર કાલિબાફે કહ્યું છે કે જો પ્રદર્શનકારીઓને લઈને અમેરિકા ઈરાન પર હુમલો કરશે, તો અમેરિકી સેના અને ઈઝરાયલ બંને ઈરાનના નિશાન પર હશે. આ પ્રથમ પ્રસંગ છે જ્યારે ઈરાની નેતૃત્વ દ્વારા સંભવિત વળતી કાર્યવાહીમાં ઈઝરાયલને પણ સીધી રીતે નિશાન બનાવવાની



વાત કરવામાં આવી છે. ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ દરમિયાન સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીએ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું છે.

ઈરાનના એટર્ની જનરલ મોહમ્મદ મોવાહેદી આઝાદે ચેતવણી આપી છે કે પ્રદર્શનમાં સામેલ લોકોને 'ખુદાના દુશ્મન' માનવામાં આવશે, જે અંતર્ગત મૃત્યુદંડની સજા થઈ શકે છે.

ટાઈમ મેગેઝીને તેહરાનના એક ડોક્ટરને ટાંકીને જણાવ્યું કે રાજધાનીની માત્ર છ હોસ્પિટલોમાં ઓછામાં ઓછા 217 પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગનાના મોત ગોળી વાગવાથી થયા છે.

બ્રિટનની રાજધાની લંડનમાં પણ ઈરાનના દૂતાવાસની બહાર પ્રદર્શનો થયા. આ દરમિયાન એક પ્રદર્શનકારીએ ઈરાની દૂતાવાસનો ઈસ્લામિક ગણરાજ્યનો ધ્વજ હટાવીને 1979ની ઈસ્લામિક ક્રાંતિ પહેલાં ઉપયોગમાં લેવાતો ધ્વજ ફરકાવ્યો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પ્રદર્શનકારીએ સિંહ અને સૂર્યના નિશાનવાળો ત્રિરંગો ધ્વજ લગાવ્યો. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, આ ધ્વજ ઘણી મિનિટો સુધી દૂતાવાસ પર લહેરાતો રહ્યો, જે પછી તેને હટાવી દેવામાં આવ્યો.

આ ધ્વજ ઈરાનમાં શાહના શાસનકાળ દરમિયાન ઉપયોગમાં લેવાતો હતો. પ્રદર્શન દરમિયાન 'ડેમોક્રેસી ફોર ઈરાન' અને 'ફ્રી ઈરાન' જેવા નારા લાગ્યા.

લંડન પોલીસે જણાવ્યું કે ધ્વજ હટાવવાની ઘટના બાદ સુરક્ષા વધારી દેવામાં આવી છે, જેથી કોઈપણ પ્રકારની અવ્યવસ્થા રોકી શકાય અને ઈરાની દૂતાવાસની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. પોલીસે જણાવ્યું કે આ મામલે 3 લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક શંકાસ્પદની શોધખોળ ચાલુ છે.

ઈરાનના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહેલવીએ દેશભરમાં ચાલી રહેલા પ્રદર્શનો વચ્ચે વીડિયો સંદેશ જારી કરીને લોકોને રસ્તાઓ પર મક્કમ રહેવાની અપીલ કરી છે. પહેલવીએ આજે સાંજે 6 વાગ્યે ફરીથી રસ્તાઓ પર ઉતરવા જણાવ્યું. તેમણે લોકોને કહ્યું કે તેઓ મિત્રો અને પરિવાર સાથે જૂથમાં મુખ્ય રસ્તાઓ પર નીકળે, ભીડથી અલગ ન થાય અને એવી ગલીઓમાં ન જાય જ્યાં જીવનું જોખમ હોઈ શકે છે. તેમણે દાવો કર્યો કે સતત ત્રીજી રાત થયેલા પ્રદર્શનોથી સુપ્રીમ લીડર ખામેનીનું દમનકારી તંત્ર નબળું પડ્યું છે. પહેલવીએ કહ્યું કે તેમને રિપોર્ટ મળ્યા છે કે ઈસ્લામિક ગણરાજ્યને પ્રદર્શનકારીઓ સાથે નિપટવા માટે પૂરતા સુરક્ષા દળો મળી રહ્યા નથી. તેમના મતે, ઘણા સુરક્ષા કર્મચારીઓએ પોતાના કાર્યસ્થળો છોડી દીધા છે અને જનતા વિરુદ્ધ કાર્યવાહીના આદેશો માનવાનો ઈનકાર કર્યો છે. પહેલવીએ પોતાના સંદેશમાં કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રદર્શનકારીઓની મદદ માટે તૈયાર રહેવાની ઘોષણા કરી છે. રઝા પહેલવીએ શનિવારે જણાવ્યું હતું કે તેઓ દેશ પાછા ફરીને ચાલી રહેલા પ્રદર્શનોમાં સામેલ થશે. 65 વર્ષના રઝા પહેલવી લગભગ 50 વર્ષથી અમેરિકામાં નિર્વાસનમાં રહી રહ્યા છે. શનિવારે સવારે તેમણે કહ્યું કે તેઓ પોતાના દેશ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં રઝા પહેલવીએ લખ્યું- હું પણ મારા દેશ પાછા ફરવાની તૈયારી કરી રહ્યો છું જેથી અમારી રાષ્ટ્રીય ક્રાંતિની જીતના સમયે હું તમારા બધાની સાથે, ઈરાનની મહાન જનતાની વચ્ચે ઊભો રહી શકું. મને પૂરો ભરોસો છે કે તે દિવસ હવે ખૂબ નજીક છે.



# પૈસા ગણવાના 4 મશીન, સોના-ચાંદી, હીરાનો ઢગલો: 1550 કરોડના ફ્રોડ કેસમાં સુરત પોલીસે 4ને ઝડપ્યા

**સુરત, તા.11**

સુરતમાં તાજેતરમાં સામે આવેલા 1550 કરોડના મસમોટા ઈન્ટરનેશનલ સાયબર ક્રાઈમ કૌભાંડમાં પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાની તપાસ દરમિયાન, સાયબર ફ્રોડના નાણાંને રોકડમાં ફેરવી તેને ક્રિપ્ટોકરન્સી (USDT)માં કન્વર્ટ કરનાર વધુ ચાર આરોપી અબ્દુલરબ ચામડીયા, અમીત ચોક્સી, ચિરાગ ઉર્ફે ચાર્લી સૂતરિયા અને પ્રવિણ ગઢીયાની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે બાતમીના આધારે આરોપીઓની ઓફિસ અને નિવાસસ્થાને દરોડા પાડીને કુલ 2,60,32,214 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ જપ્તીમાં ચિરાગ સુતરિયા અને પ્રવિણ ગઢીયાની મહિધરપુરાની ઓફિસમાંથી 1.92 કરોડ રોકડા અને પૈસા ગણવાના ચાર મશીન મળી આવ્યાં હતાં. આ સાથે આરોપીઓના ઘરની તપાસમાં કરતા 289 ગ્રામ સોનું, 10 કિલો-800 ગ્રામ ચાંદી અને 413.37 કેરેટના રફ હીરા પણ પોલીસને મળી આવ્યાં છે. આરોપીઓ દ્વારા આટલી મોટી માત્રામાં રોકડ અને કિંમતી વસ્તુઓ સંગ્રહિત કરવામાં આવી હતી, જે સીધી રીતે સાયબર ફ્રોડના કાળા નાણાં હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

આ કેસમાં પકડાયેલા ચારેય નવા આરોપીના આરોપીઓ એક ખાસ મોડસ ઓપરેન્ડી સાથે કામ કરતા હતાં. આરોપી અબ્દુલરબ, અમીત ચોક્સીના બેંક એકાઉન્ટમાંથી સાયબર ફ્રોડના નાણાં રોકડ સ્વરૂપે ઉપાડી લેતો હતો. આ રોકડ રકમ ત્યારબાદ ચિરાગ ઉર્ફે ચાર્લી અને પ્રવિણ ગઢીયાની ઓફિસે પહોંચાડવામાં આવતી હતી. મુખ્ય સૂત્રધાર ચિરાગ સૂતરિયા આ રોકડ નાણાંને આંતરરાષ્ટ્રીય સ્તરે મોકલવા માટે USDT (ક્રિપ્ટોકરન્સી)માં કન્વર્ટ કરી આપતો હતો, જેથી નાણાં ટ્રેસ ન થઈ શકે.

તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે આ ગેંગ સામાન્ય લોકોને લોભ-લાલચ આપી તેમના નામે કરંટ બેંક એકાઉન્ટ્સ ખોલાવતી હતી. આ એકાઉન્ટ્સ અને તેની સાથે જોડાયેલા સીમ કાર્ડ્સ આંતરરાષ્ટ્રીય સાયબર ક્રિમિનલ્સને કમિશનના આધારે ભાડે આપવામાં આવતા હતા. અત્યાર સુધીમાં આવા 164 બેંક એકાઉન્ટ્સ મળી આવ્યા છે, જેમાં થયેલા વ્યવહારોનું વિશ્લેષણ કરતા અંદાજે 1550 કરોડ રૂપિયાના ટ્રાન્જેક્શન થયા હોવાનું સામે આવ્યું છે.

આ વિશાળ કૌભાંડમાં પોલીસે અત્યાર સુધીમાં 25 આરોપીઓ વિરુદ્ધ 1.5 લાખ પાનાની ચાર્જશીટ રજૂ કરી ચૂકી છે. આ કેસ માત્ર સુરત કે ગુજરાત પૂરતો સીમિત નથી, પરંતુ તેના તાર આંતરરાષ્ટ્રીય ગેંગ સાથે જોડાયેલા હોવાથી તપાસ હજુ પણ ચાલુ છે. રૂપિયા ગણવાના મશીનો મળી આવવા તે દર્શાવે છે કે આ નેટવર્ક કેટલા મોટા પાયે કાર્યરત હતું.



આ મામલે ડીસીપી ડો. કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, ઉધના પોલીસ સ્ટેશનમાં એક સાયબર ફ્રોડનો ગુનો દાખલ થયેલો હતો. અમારી પાસે એક ઈન્ફોર્મેશન હતી કે, એક વ્યક્તિ બેંકની ચેકબુક, પાસબુક, પોતાના બેંકના ડિટેલ્સ અને એક મેમોરેન્ડમ (એટલે કે પાર્ટનરશીપની ડીડ) લઈને જઈ રહ્યો છે. આ જે બેંકના ખાતા છે એ પોતે સાયબર ફ્રોડમાં યુઝ કરે છે. જે રીતે ડિજિટલ એરેસ્ટ અથવા ગેમિંગના નામે જે ફ્રોડના પૈસા આવે છે, એ પૈસા નાખવા માટે થઈને જે બેંક એકાઉન્ટ્સની જરૂર પડે છે એ બેંક એકાઉન્ટ ખોલાવવાનું કામ આ વ્યક્તિ કરી રહી છે. જે આધારે પોલીસ ઈન્વેસ્ટિગેશન કર્યું અને અમે એ વ્યક્તિને લઈ આવ્યા.

ઈન્વેસ્ટિગેશન દરમિયાન એની પાસેથી ઘણા બધા બેંકના ખાતાઓ મળી આવ્યાં હતા. જે મેઈન આરોપી છે, જેને અમે અટક કરેલો છે. અગાઉ 25 જેટલા આરોપી અટક કરેલા છે, જેમાં અલગ-અલગ બેંકના કરંટ અને ખાતા મળેલા હતા. આ લોકો બેંકના એમ્પ્લોયીસને (કર્મચારીઓને) પણ સાથે રાખી અને ગુમાસ્તાધારા વગર પણ દુકાન ખોલવી, દુકાનના ફોટોગ્રાફ્સ લેવા, ખોટા ફોટોગ્રાફ્સ બનાવવા અને એના આધારે બેંકમાં એક ખાતું ખોલાવવું. બેંકમાં ખાતું ખોલાવી અને એની UPI લિંક જનરેટ કરવી અને જે સાયબર ફ્રોડના નાણાં છે એ આ ખાતામાં પડતા હતા. જે વખતે આ ખોટી રીતે દુકાનની ઓળખ ઉભી કરવી, ખોટા ડોક્યુમેન્ટ્સ બનાવવા એના માટે જે સાથ સહકાર આપેલા હતા, એ આરોપીને પણ અમે અગાઉ અટક કરેલી છે. બેંકના 8 કર્મચારીને પણ અમે અટક કર્યા છે, કારણ કે બેંકના કર્મચારીઓની સંડોવણી વગર આ સાયબર ફ્રોડના નાણાં એ ખાતામાં પડે એ શક્ય નથી.

ખાતાધારકો પોતે જાણે છે કે, મારું ખાતું ખોલાવ્યા પછી મારે કિરાજ જાદવાણીને આ ખાતું વેચવાનું છે, જેના બદલામાં મને 50,000 કે 1 લાખ રૂપિયા આપશે. એ જાણે છે કે આમાં કોઈ ફ્રોડના નાણાં પડવાના છે, છતાં પણ એ 50,000 અથવા 1 લાખ રૂપિયાની લાલચમાં આવીને પોતે પોતાનું ખાતું કિરાજ જાદવાણીને વેચતા હતા. એવા તમામ ખાતાધારકોને પણ પોલીસે અગાઉ અટક કરેલા છે. ઈન્વેસ્ટિગેશનની લાઈન જ્યારે ચાલુ હતી ત્યારે અમારી પાસે એક એવી ઈન્ફોર્મેશન સ્ટડીના આધારે અને ઈન્વેસ્ટિગેશનમાં મળી કે જે 164 જેવા જે ખાતાઓ છે, એમાંથી આશરે 8થી 9 ખાતામાં 90 લાખ રૂપિયા જેટલા રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થયું છે. અમિત નામની કોઈ વ્યક્તિ છે, જેણે એમના ખાતામાં આ પૈસા પડેલા છે. જ્યારે અમિતની અમે પૂછપરછ કરી ત્યારે અમિતે કીધું કે, આમાં પકડાયેલા આરોપી અબ્દુલ રબ અબ્દુલ કાદીર ચામડિયા, જેઓ એની પાસેથી જ અમિત જગદીશચંદ્ર ચોક્સીના એના અને એના પિતાના ખાતામાં આ 90 લાખ રૂપિયા ગયા હતા. અમે અમિત જગદીશચંદ્ર ચોક્સીની પણ ધરપકડ કરી છે અને આરોપી અબ્દુલ રબ અબ્દુલ કાદીર ચામડિયા, જેણે 90 લાખ રૂપિયાનું મ્યુલ એકાઉન્ટ્સમાંથી ટ્રાન્ઝેક્શન અમિત જગદીશચંદ્ર ચોક્સી અને એના પિતાના ખાતામાં કર્યું એ બંનેને પણ અમે અટક કર્યા છે.

આની જ્યારે અમે ઈન્ફોર્મેશન લેતા હતા અને ઈન્વેસ્ટિગેશન કરતા હતા, ત્યારે આરોપી જે અબ્દુલ રબ અબ્દુલ કાદીર ચામડિયા છે, એણે બીજા એક હવાલાથી પણ USDT ટ્રાન્સફર કરેલા છે. જેનું નામ ચિરાગભાઈ ઉર્ફે ચાર્લી નાગજીભાઈ સુતરિયા છે. એના ત્યાં કામ કરતા પ્રવિણ લક્ષ્મણભાઈ ઘડિયા, જેઓની પણ અમે અટક કરી છે. USDTમાં એ લોકો જે પૈસા મ્યુલ એકાઉન્ટ્સમાંથી સાયબર ફ્રોડના આવતા હતા, એનું એ લોકો USDTમાં કન્વર્ટ કરતા હતા.

આ રીતે અત્યારે પોલીસને 164 જેટલા બેંકના એકાઉન્ટ્સ અને એમાંથી 25 આરોપીની જે અમે અગાઉ અટક કરેલી હતી, જેમાં બેંકના ખાતાધારક, બેંકના કર્મચારી અને જેમને આખી કોન્સ્પીરસી રચી છે એ, અને જે પૈસા આવ્યા એને ટ્રાન્સફર કરીને USDTમાં કન્વર્ટ કરવાની આખી લાઈનમાં આ તમામની અમે અટક કરેલી છે.

# ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી: 5 શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં પહોંચ્યું, નલિયા 3.8 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

**અમદાવાદ, તા.11**

રાજ્યભરમાં કડકડતી ઠંડીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે, જેમાં ઉત્તર-પૂર્વ દિશાથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે 11 જેટલા શહેરોમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. કચ્છનું નલિયા 3.8 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુગાર શહેર નોંધાયું છે, જ્યારે અમરેલી, રાજકોટ અને ભુજ સહિતના 5 શહેરોમાં પારો સિંગલ ડિજિટમાં પહોંચતા ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.



હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે, જોકે લઘુત્તમ તાપમાનમાં સાધારણ વધારો થવાની શક્યતા વચ્ચે પણ ઠંડા પવનોનો ચમકારો જારી રહેશે. બીજી તરફ, માઉન્ટ આબુમાં પારો -4.5 ડિગ્રી પહોંચતા વાહનોના કાચ પર બરફની ચાદર પથરાઈ છે, જેના કારણે હિલ સ્ટેશન પર 'મિની કાશ્મીર' જેવો નજારો જોવા મળી રહ્યો છે. આ આહલાદક હવામાનનો આનંદ માણવા પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

ઉત્તર પૂર્વ દિશાના પવનો ફૂંકાવાને કારણે રાજ્યના 5 શહેરમાં તાપમાનનો પારો સિંગલ ડિજિટ એટલે કે એક આંકડામાં પહોંચી ગયો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે સિઝનનું સૌથી ઠંડુગાર શહેર નલિયા બની ગયું છે. જ્યાં સિઝનનું સૌથી નીચું 3.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો અમરેલીમાં 7.6, રાજકોટમાં 8.9 ડિગ્રી અને ભુજમાં 9 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

માઉન્ટ આબુ અત્યારે જાણે 'મિની કાશ્મીર' બની ગયું હોય તેવો અદભૂત માહોલ સર્જાયો છે. છેલ્લા એક અઠવાડિયાથી પારો શૂન્યની નીચે રહ્યો હતો, જ્યાં આજે -4.5 ડિગ્રી તાપમાનથી સમગ્ર હિલસ્ટેશન પર કાતિલ ઠંડીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. વહેલી સવારે વાહનોના કાચ અને ખુલ્લા બગીચાઓમાં બરફની સફેદ ચાદર પથરાયેલી જોવા મળી, જેના કારણે પ્રકૃતિનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું. જોકે, આ હાડ થીજવતી ઠંડીથી બચવા માટે સ્થાનિકો અને પ્રવાસીઓ તાપણાનો સહારો લઈ રહ્યા છે.

માત્ર એટલું જ નહીં પરંતુ રાજ્યના 11 જેટલા શહેરમાં પારો 15 ડિગ્રી કરતા નીચે પહોંચી ગયો છે. પોરબંદરમાં 11.5 ડિગ્રી, અમદાવાદમાં 11.6 ડિગ્રી, ભાવનગરમાં 12 ડિગ્રી, ડીસામાં 12 ડિગ્રી, કંડલામાં 12.2 ડિગ્રી, વડોદરામાં 12.4 ડિગ્રી, દ્વારકામાં 13.6 ડિગ્રી, સુરતમાં 14 ડિગ્રી, દીવમાં 14.3 ડિગ્રી, દમણમાં 15.2 ડિગ્રી, વેરાવળમાં 15.5 ડિગ્રી, ઓખામાં 16.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

ઉત્તર ભારતમાંથી ફૂંકાતી ઠંડી પવનની અસરને કારણે ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધુ ઘેરો બન્યો છે. ખાસ કરીને કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 7 દિવસ વાતાવરણ સુકું રહેવાનું છે, વરસાદની કોઈ શક્યતા નથી. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, પરંતુ ઉત્તર-પૂર્વ દિશાથી ફૂંકાતા ઠંડા પવનોને કારણે ઠંડીનો અહેસાસ હજુ પણ રહેશે. ખાસ કરીને રાત્રિ અને વહેલી સવારના સમયે ઠંડીનો વધુ અનુભવ થશે.

# અમદાવાદમાં હવા પ્રદૂષણની સ્થિતિ ગંભીર: PM મોદી અને જર્મન ચાન્સેલરના ગાંધી આશ્રમ તેમજ રિવરફ્રન્ટ રુટ ઉપર સતત પાણીનો છંટકાવ

**અમદાવાદ, તા.11**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝ 12 જાન્યુઆરી 2026ના અમદાવાદની મુલાકાતે આવવાના છે. સવારે ગાંધીઆશ્રમ અને ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં જવાના છે ત્યારે છેલ્લી ઘડીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં હવાનું પ્રદૂષણ ખૂબ ખરાબ સ્થિતિમાં છે. આજે 11 જાન્યુઆરીના રોજ સવારે 11:30 સુધીમાં AQI 229 સુધી પહોંચ્યો છે, એટલે કે હવાના પ્રદૂષણની સ્થિતિ ગંભીર હોવાની કેટેગરીમાં પહોંચ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલરના આવવાના રૂટ પર કોર્પોરેશન દ્વારા સતત મિસ્ટ મશીનનો ઉપયોગ કરી ઝાડ પર પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.



છેલ્લા બે દિવસથી વહેલી સવારે અને મોડી રાત્રે અમદાવાદનું પ્રદૂષણ ખૂબ જ ગંભીર સ્થિતિમાં જોવા મળે છે. આજે 11 જાન્યુઆરીના રોજ સવારે પણ હવા પ્રદુષણની સ્થિતિ ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં જોવા મળી હતી. લગભગ 272 આસપાસ AQI પહોંચી ગયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર સાબરમતી રિવરફ્રન્ટ પર આવવાના છે જે નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ જ્યાંથી AQI માપવામાં આવે છે ત્યાં પણ લગભગ 212ની આજુબાજુ AQI નોંધાયો છે. આ તમામ પરિસ્થિતિને જોતા મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા આ રૂટ ઉપર સતત પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનના રૂટ ઉપર જેટલી પણ બાંધકામ સાઈટો આવેલી છે ત્યાં મોટી ગ્રીન નેટ બાંધી દેવામાં આવી છે તથા બાંધકામની કામગીરી હાલ બંધ હોવાનું જાણવા મળ્યું છે.

# સુરતના ડીંડોલીમાં હિટ એન્ડ રન: રોડ ક્રોસ કરતી બે મહિલાને સ્પીડમાં મોપેડ ચાલકે અડફેટે લીધી, બહેનને વળાવવા જતી મહિલાનું કમકમાટીભર્યું મોત

**સુરત, તા.11**

સુરત શહેરના નવાગામ ડીંડોલી વિસ્તારમાં ફરી એકવાર બેફામ દોડતા વાહનોએ એક નિર્દોષનો ભોગ લીધો છે. રોડ ઓળંગી રહેલી બે મહિલાઓને મોપેડ ચાલકે અડફેટે લેતા એક મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મહિલાને ઈજાઓ પહોંચી છે. આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ જવા પામી છે. અકસ્માત બાદ મોપેડ ચાલક ફરાર થઈ ગયો હતો. હાલ તો ડીંડોલી પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



મળતી માહિતી અનુસાર નવાગામ ડીંડોલી વિસ્તારમાં રહેતા 52 વર્ષીય વંદનાબેન મરાઠે શ્રમજીવી જીવન જીવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત રોજ તેમની બહેન ઘરે જમવા માટે આવી હતી. જમ્યા બાદ વંદનાબેન પોતાની બહેનને વળાવવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. બંને મહિલાઓ જ્યારે સુરક્ષિત રીતે રોડ ક્રોસ કરી રહી હતી, ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલા મોપેડ ચાલકે ગફલતભરી રીતે ગાડી હંકારી બંનેને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે વંદનાબેન મરાઠેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું.

વંદનાબેન પોતે મહેનત-મજૂરી કરીને ઘરની આર્થિક જવાબદારી સંભાળતા હતા. તેમના અચાનક નિધનથી પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. ઘર ચલાવનાર મુખ્ય વ્યક્તિના જવાથી પરિવાર હવે નિરાધાર બની ગયો છે. ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં પણ ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માત સર્જીને માનવતા નેવે મૂકી મોપેડ ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ વાહનચાલક વિરુદ્ધ હિટ એન્ડ રનનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.વાહનચાલકની ઓળખ કરવા માટે પોલીસ સીસીટીવી આધારે વધુ તપાસ હાથ કરી રહી છે. હાલમાં આરોપી પોલીસ પકડથી દૂર છે, પરંતુ પોલીસે તેને વહેલી તકે ઝડપી લેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# પાલડીમાં કારચાલકે ટુ-વ્હીલર ચાલકને છરી બતાવી રૌફ જમાવ્યો, કાર સ્પીડમાં ચલાવે છે એવું કહેતા રોષે ભરાયો

**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરના પાલડી ચાર રસ્તા વિસ્તારમાં ગઈકાલે બપોરે એક નાની બાબતને લઈને ટુ-વ્હીલર અને કારચાલક વચ્ચે થયેલી સામાન્ય તકરાર ઝડપથી ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ, જેમાં કારચાલકે જાહેર રસ્તા પર જ ગાડીમાંથી છરી કાઢીને ટુ-વ્હીલર ચાલકને મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. આ ઘટનાનો વીડિયોના કારણે લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે, જેમાં કારચાલકે 'લાલ દરવાજા આવી જા, તારું મર્ડર કરી નાખીશ' જેવા અપશબ્દો બોલીને ધમકી આપતો જોવા મળે છે.

ભોગ બનનાર ટુ-વ્હીલર ચાલકે તાત્કાલિક એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વિસ્તારના CCTV ફૂટેજની તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં જાહેર સ્થળે હથિયારોના ઉપયોગ અને રૌફ જમાવવાના વધતા કિસ્સાઓ પર ચિંતા વધારી છે.

ગઈકાલે બપોરના સમયે 2 વાગ્યા આસપાસ પાલડી ચાર રસ્તા પાસે ગાડી એક ટુ-વ્હીલર ચાલક અને કાર ચાલક વચ્ચે તકરાર થઈ હતી. પાલડી ચાર રસ્તા પાસે ટુ-વ્હીલર ચાલકે એક અજાણ્યા કાર ચાલકને તું ખૂબ જ સ્પીડમાં ગાડી ચલાવીને લોકોને નુકશાન પહોંચે તે રીતે ચલાવતો હોવાનું કહ્યું હતું. આટલું કહેતા જ અજાણ્યો કાર ચાલક ઉશ્કેરાઈ ગયો હતો. જેથી સામાન્ય બાબતે ટુ વ્હીલર ચાલક અને કાર ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.



સામાન્ય બોલાચાલી બાદ જોતજોતામાં આ ઝઘડો વધી ગયો હતો. તેમજ તે બાદ જાહેર રસ્તા પર જ કાર ચાલક પોતાની ગાડીમાં રાખેલી છરી કાઢીને ટુ-વ્હીલર ચાલક સામે ઉગામી હતી. કાર ચાલકે ટુ-વ્હીલર ચાલકને છરી બતાવી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેનો વીડિયો પણ વાયરલ થયો છે. જેમાં કાર ચાલકે ટુ-વ્હીલર ચાલકને ધમકી આપી હતી કે, 'લાલ દરવાજા આવી જા, તારું મર્ડર કરી નાખીશ.' ધોળા દિવસે જાહેર રસ્તા પર હથિયાર બતાવીને ધાકધમકી આપતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

જોકે, તે બાદ અજાણ્યો કારચાલક ત્યાંથી રવાના થઈ ગયો હતો. પોતાનો જીવ જોખમમાં મુકાયેલો જોઈને ટુ-વ્હીલર ચાલકે તાત્કાલિક એલિસબ્રિજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે એલિસબ્રિજ પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસી રહી છે જેથી આરોપીની ઓળખ કરી શકાય.

# વડોદરામાં અફઘાનિસ્તાની વિદ્યાર્થીનું રહસ્યમય મોત: MS યુનિ.માં Ph.D કરતા યુવકનો ફતેગંજના રૂમમાંથી મૃતદેહ મળ્યો

**વડોદરા, તા.11**

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાંથી વિદેશી વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. મૃતક 34 વર્ષીય યુવક અફઘાનિસ્તાનનો નાગરિક હતો અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ. યુનિવર્સિટી)માં આર્કિટેક્ચર વિભાગમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો. શનિવારે રાત્રિના સમયે યુવકનો મૃતદેહ તેના જ રૂમમાંથી મળી આવતા પોલીસ તંત્ર દોડતું થયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, આ વિદેશી વિદ્યાર્થી ફતેગંજ વિસ્તારમાં ભાડાના એપાર્ટમેન્ટમાં એકલો રહેતો હતો.



10 જાન્યુઆરીની રાત્રે તેના રૂમમાંથી કોઈ હરકત ન જણાતાં શંકા ઉઠી હતી. ત્યારબાદ રૂમ તપાસતા યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે આ બનાવમાં આપઘાત હોય તેવું જણાઈ રહ્યું છે, પરંતુ યુવકે આપઘાત શા માટે કર્યો અથવા તેની સાથે કોઈ અન્ય ઘટના બની છે કે કેમ તે બાબતે કોઈ નિષ્કર્ષ હજુ આવ્યો નથી. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

હાલમાં પોલીસ દ્વારા મૃતકના મોબાઈલ ફોનને કબજે લેવામાં આવ્યો છે. આ ઘટનામાં આપઘાત છે કે અન્ય કોઈ કારણ તે તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સામે આવશે. હાલમાં આ મામલે સયાજીગંજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# જયપુરમાં બાઈક પર 27 જવાનોએ હ્યુમન પિરામિડ બનાવ્યો: સેનાનું મલ્ટીપલ રોકેટ લોન્ચર, 20 સેકન્ડમાં 40થી વધુ ટાર્ગેટ એકસાથે હિટ કરશે







**જયપુર, તા.11**

ભારતીય સેનાએ 15 જાન્યુઆરીના રોજ જયપુરના મહેલ રોડ પર આર્મી ડે પરેડ માટે રિહર્સલનું આયોજન કર્યું હતું. પરેડ દરમિયાન કોમ્બેટ હેલિકોપ્ટર, ટેન્ક અને અન્ય શસ્ત્રોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

જયપુરના જગતપુરાનો મહેલ રોડ રવિવારે લગભગ 5 કલાક છાવણી બની રહ્યો. સેના દિવસ પર યોજાનારી પરેડના રિહર્સલનો પ્રસંગ હતો. જ્યાં નજર જતી હતી, ત્યાં ખાખી વર્દીમાં પરેડ કરતા સેનાના જવાનો દેખાઈ રહ્યા હતા. ધરતી પરથી અત્યાધુનિક ટેન્ક અને આકાશમાંથી હેલિકોપ્ટરે સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું.

15 જાન્યુઆરીએ યોજાનારી 78મી આર્મી ડે પરેડ પહેલાં ફૂલ ડ્રેસ રિહર્સલનો આ બીજો દિવસ હતો. આ પહેલાં 9 જાન્યુઆરીએ રિહર્સલ થયું હતું. રવિવારે સવારે લગભગ સાડા આઠ વાગ્યે રિહર્સલ શરૂ થયું, જે બપોરે લગભગ દોઢ વાગ્યા સુધી ચાલ્યું. આ દરમિયાન ટેન્ક, મિસાઈલ, ડ્રોન, લડાકુ વિમાન અને આધુનિક હથિયારોનું પ્રદર્શન કરવામાં આવ્યું.

સેનાના જવાનોએ બાઈક પર એકથી એક ચડિયાતા કરતબો બતાવ્યા. 7 બાઈક પર 27 જવાનોએ હ્યુમન પિરામિડ બનાવ્યો. આ દરમિયાન મલ્ટીપલ રોકેટ લોન્ચર પણ બતાવવામાં આવ્યું. આ 20 સેકન્ડમાં એકસાથે 40થી વધુ રોકેટ છોડી શકે છે.

ભારતીય સેનાના અપાચે AH-64E, ચીતા અને ચેતક હેલિકોપ્ટરોએ પણ આકાશમાં શક્તિ પ્રદર્શન કર્યું. K-9 વજ્ર ટી ટેન્ક પણ આકર્ષણનું કેન્દ્ર રહી. તે 45 કિમી દૂર સુધી દુશ્મનના ઠેકાણાઓને નષ્ટ કરી શકે છે. 300KM સુધી પ્રહાર કરી શકતા રોકેટ લોન્ચરની વિશેષતાઓથી પણ લોકો વાકેફ થયા. તે એકસાથે 6 મિસાઈલ છોડી શકે છે.

રિહર્સલ પરેડમાં ભારતીય સેનાના રોબોટિક જવાનનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેઓ ફક્ત મશીનો જેવા દેખાતા હોવા છતાં, તેમની અનન્ય ક્ષમતાઓ આશ્ચર્યજનક છે. તેમની ઘાતક ક્ષમતાઓ ભારતીય સેનાની તાકાત દર્શાવે છે.

રિહર્સલ દરમિયાન સેનાના ખાસ અપાચે હેલિકોપ્ટરોએ પોતાની લશ્કરી શક્તિનું પ્રદર્શન કર્યું. સેનાએ ટેન્કથી લઈને મલ્ટી-મિસાઈલ લોન્ચર સુધીના જમીનથી હવામાં પ્રહાર કરતા શસ્ત્રોનું પ્રદર્શન કર્યું.

# ત્રીજા વિશ્વ યુદ્ધથી એલિયન્સ સુધી...2026માં શું-શું થશે?: બાબા વેંગાની ડરામણી ભવિષ્યવાણી અને ટ્રમ્પનો નિર્ણય શું દુનિયાને અંત સુધી દોરી જશે?

**નવી દિલ્હી, તા.11**

વર્ષ 2026ની શરૂઆત સાથે જ દુનિયાભરમાં એક વિચિત્ર ડરનો માહોલ છે. એક તરફ જ્યાં રશિયા-યુક્રેન અને મધ્ય પૂર્વનો તણાવ સમાપ્ત થવાનું નામ નથી લઈ રહ્યો, ત્યાં બીજી તરફ 'બાલ્કનના નોસ્ટ્રેડેમસ' કહેવાતી બાબા વેંગાની એક જૂની ભવિષ્યવાણીએ લોકોની ઊંઘ હરામ કરી દીધી છે. સોશિયલ મીડિયા પર ચર્ચા તેજ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કેટલાક તાજેતરના કડક નિર્ણયો અને બાબા વેંગાની ભવિષ્યવાણી એક જ દિશામાં ઈશારો કરી રહી છે- ત્રીજું વિશ્વ યુદ્ધ બાબા વેંગા, જેમણે 9/11 હુમલા અને બ્રેક્ઝિટ જેવી ઘટનાઓની સચોટ ભવિષ્યવાણી કરી હતી, તેમના સમર્થકોનો દાવો છે કે તેમણે 2025-26ના સમયગાળાને માનવતા માટે અત્યંત ખતરનાક ગણાવ્યો હતો.

યુરોપમાં વિનાશ: દાવાઓ અનુસાર બાબા વેંગાએ કહ્યું હતું કે યુરોપમાં એક મોટો સંઘર્ષ થશે જેનાથી ત્યાંની વસ્તીને ભારે નુકસાન થશે.

જૈવિક હથિયારો: ભવિષ્યવાણીમાં એ પણ ઉલ્લેખ છે કે કોઈ 'મોટો દેશ' જૈવિક હથિયારોનો ઉપયોગ કરી શકે છે.

2026માં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિએ ગ્લોબલ સમીકરણોને હચમચાવી દીધા છે. તેમના ટીકાકારો અને સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે દુનિયા દારૂગોળાના ઢગલા પર બેઠી છે.

નાટો પર વલણ: ટ્રમ્પ દ્વારા નાટો દેશોને ભંડોળ અને સુરક્ષા અંગે આપવામાં આવેલી ચેતવણીએ પશ્ચિમી દેશોમાં ખળભળાટ મચાવી દીધો છે.

ટ્રેડ વોર: ચીન અને કેટલાક અન્ય દેશો સાથેના વ્યાપારી પ્રતિબંધોને વધુ કડક કરવાથી મહાસત્તાઓ વચ્ચે તણાવ ચરમસીમા પર છે.

મધ્ય પૂર્વમાં કડકાઈ: ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા મધ્ય પૂર્વમાં લેવાયેલા આક્રમક નિર્ણયોએ આરબ દેશો અને ઈરાન સાથેની સ્થિતિને વધુ નાજુક બનાવી દીધી છે. ટ્વિટર (X) અને ગૂગલ ટ્રેન્ડ્સ પર ★WorldWar3 અને ★BabaVanga ટોપ ટ્રેન્ડમાં છે. લોકો નોસ્ટ્રેડેમસની ભવિષ્યવાણીઓ પણ શેર કરી રહ્યા છે, જેમાં 'મહાન યુદ્ધ' 7 મહિના સુધી ચાલવા અને ભારે વિનાશની વાત કહેવામાં આવી હતી.

બાબા વેંગાની સૌથી ભયાનક ભવિષ્યવાણી ત્રીજા વિશ્વ યુદ્ધને લઈને છે. તેમના અનુસાર વિશ્વના પૂર્વીય દેશોમાંથી એક મોટું યુદ્ધ શરૂ થશે, જે ધીમે ધીમે પશ્ચિમી દેશો સુધી ફેલાઈ જશે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ સંઘર્ષ માર્ચ-એપ્રિલ 2026માં ચીન અને તાઈવાન વચ્ચેના તણાવથી શરૂ થઈ શકે છે અને આગળ જતાં તેમાં રશિયા અને અમેરિકા જેવા શક્તિશાળી દેશો સીધા સામસામે આવી શકે છે. આ યુદ્ધનું સૌથી મોટું નુકસાન યુરોપને થશે, જે તબાહી પછી ઉજ્જડ ભૂમિમાં બદલાઈ શકે છે, જ્યારે રશિયા એક મોટી વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી શકે છે. આજે જ્યારે દુનિયા પહેલાથી જ ઘણા યુદ્ધો અને રાજકીય સંઘર્ષોથી ઘેરાયેલી છે, ત્યારે લોકો આ ભવિષ્યવાણીઓને વર્તમાન



પરિસ્થિતિઓ સાથે જોડીને જોવા લાગ્યા છે.

બાબા વેંગાની 2026ને લઈને આગામી ભવિષ્યવાણી યુદ્ધની નહીં, પરંતુ પ્રકૃતિ અને અર્થતંત્ર સંબંધિત હતી. તેમના અનુસાર આ વર્ષે દુનિયાના ઘણા ભાગોમાં મોટા ભૂકંપ આવશે, જ્વાળામુખી ફાટશે, અતિશય ગરમી, પૂર તથા વાવાઝોડા જેવા ફેરફારો હવામાનમાં જોવા મળશે. દાવો કરવામાં આવ્યો છે કે પૃથ્વીના લગભગ 7 થી 8 ટકા ભાગમાં ભારે તબાહી મચી શકે છે.

આ સાથે જ બાબા વેંગાએ એક મોટા આર્થિક પતનની ભવિષ્યવાણી પણ કરી હતી. એવું માનવામાં આવે છે કે આ સમયગાળા દરમિયાન ડિજિટલ કરન્સી પર અસર પડશે, બેંકિંગ સિસ્ટમ નબળી પડશે, વૈશ્વિક મંદી આવશે અને લાખો લોકો બેરોજગારીનો ભોગ બની શકે છે. હાલના સમયમાં જ્યારે દુનિયા પહેલાથી જ મોંઘવારી અને આર્થિક અસ્થિરતા સામે ઝઝૂમી રહી છે, ત્યારે આ ભવિષ્યવાણી લોકોને વધુ ડરાવી રહી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને લઈને પણ બાબા વેંગાએ ગંભીર ચેતવણી આપી હતી. તેમનું કહેવું હતું કે વર્ષ 2026માં AI મનુષ્યો પર હાવી થવા લાગશે અને ધીમે ધીમે નિર્ણયો લેવાની શક્તિ મશીનોના હાથમાં જતી રહેશે. દાવા મુજબ, રોબોટ અને AI સિસ્ટમ ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવા લાગશે, જેનાથી મનુષ્યોની નોકરીઓ ઝડપથી સમાપ્ત થશે. આ સાથે જ ખાનગી જીવન પર દેખરેખ વધશે અને મનુષ્ય પોતાની રોજિંદા જરૂરિયાતો માટે સંપૂર્ણપણે AI પર નિર્ભર થઈ જશે.

બાબા વેંગાની સૌથી ખતરનાક ભવિષ્યવાણી એલિયન સાથે સંબંધિત માનવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે એક વિશાળ અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરશે અને પહેલીવાર મનુષ્યોનો કોઈ અન્ય સભ્યતા સાથે સીધો સંપર્ક થશે. કેટલાક લોકો આ ભવિષ્યવાણીને તાજેતરમાં સામે આવેલા તે સમાચારો સાથે જોડી રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવ્યો કે વૈજ્ઞાનિકોએ ચિલી નજીક એક રહસ્યમય વસ્તુ જોઈ છે, જે ખૂબ જ ઝડપી ગતિથી પૃથ્વી તરફ આગળ વધી રહી છે. જોકે વૈજ્ઞાનિકો આ અંગે હજુ સ્પષ્ટ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી.

જોકે, રક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે ગભરાવાની જરૂર નથી. યુદ્ધ કોઈ પણ દેશના હિતમાં નથી. ટ્રમ્પની નીતિને 'પ્રેશર ટેક્ટિક્સ' (દબાણની રાજનીતિ) માનવામાં આવી રહી છે, યુદ્ધની ઘોષણા નહીં. બાબા વેંગાની ઘણી ભવિષ્યવાણીઓ પહેલા પણ ખોટી સાબિત થઈ છે.

દુનિયા આ સમયે પહેલાથી જ અશાંત સમયગાળામાંથી પસાર થઈ રહી છે. અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે વધતો તણાવ, રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયામાં સતત બદલાતી પરિસ્થિતિઓ એ સંકેત આપી રહી છે કે વૈશ્વિક રાજનીતિ કોઈપણ સમયે મોટો વળાંક લઈ શકે છે. આવા માહોલમાં એકવાર ફરી ચર્ચામાં છે બલ્ગેરિયાના પ્રસિદ્ધ ભવિષ્યવેત્તા વેંગા, જેમની ઘણી ભવિષ્યવાણીઓ સમય જતાં લોકો સામે સાચી સાબિત થતી જોવા મળી રહી છે. એવું માનવામાં આવે છે કે ભવિષ્યવેત્તા બાબા વેંગાની ઘણી ભવિષ્યવાણીઓ પહેલા પણ સાચી પડી છે, તેથી જ્યારે 2026 વિશેના તેમના કથિત સંકેતો સામે આવ્યા, ત્યારે લોકોની ચિંતા વધવી સ્વાભાવિક છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બાબા વેંગાએ વર્ષ 2026ને માનવ ઈતિહાસનું સૌથી ખતરનાક વર્ષ પણ ગણાવ્યું હતું. તો ચાલો હવે તેમની 4 સૌથી ભયાનક ભવિષ્યવાણીઓને વિગતવાર સમજીએ, જેને લઈને લોકો ખૂબ જ ડરેલા છે.

બાબા વેંગાને 'બાલ્કન્સના નોસ્ટ્રાડેમસ' તરીકે ઓળખવામાં આવે છે. તેમનું સાચું નામ વાંગેલિયા પાંડેવા દિમિત્રોવા હતું. તેમનો જન્મ 1911માં ઉત્તર મેસેડોનિયામાં થયો હતો. 12 વર્ષની ઉંમરે તેમણે વાવાઝોડાને કારણે પોતાની દૃષ્ટિ ગુમાવી દીધી. તેમના અનુયાયીઓ કહે છે કે આ પછી તેમને ભવિષ્ય જોવાની શક્તિ મળી. 30 વર્ષના થાય એ પહેલાં જ તેઓ તેમની આગાહીઓ અને ઉપચાર માટે પ્રખ્યાત થઈ ગયા હતા. તેમની ખ્યાતિ એટલી મહાન હતી કે ફક્ત સામાન્ય લોકો જ નહીં, પણ બલ્ગેરિયાના રાજા બોરિસ ત્રીજા અને સોવિયેત નેતા લિયોનીદ બ્રેઝનેવ જેવા દિગ્ગજો પણ તેમની સલાહ લેતા હતા.

# Grok પર હવે AIથી અશ્લીલ તસવીરો નહીં બને: સૂત્રોનો દાવો- Xએ ભૂલ સ્વીકારી, 3,500 કન્ટેન્ટ બ્લોક, 600 એકાઉન્ટ્સ ડિલીટ કર્યા

**વોશિંગ્ટન, તા.11**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ તેના કન્ટેન્ટ મોડરેશનમાં પોતાની ભૂલો સ્વીકારી છે. કંપનીએ કહ્યું છે કે અશ્લીલ ઈમેજ જનરેશન પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવશે અને ભારતના કાયદાઓનું પાલન કરશે.

સરકારના સુત્રો અનુસાર, અશ્લીલ કન્ટેન્ટ વાયરલ થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો. પ્લેટફોર્મે જણાવ્યું હતું કે તેણે 3,500થી વધુ કન્ટેન્ટ બ્લોક કર્યા છે અને 600થી વધુ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા છે.

ખરેખરમાં, શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ 2 જાન્યુઆરીએ IT મંત્રીને AI ચેટબોટ ગ્રોકના દુરુપયોગ અંગે પત્ર લખ્યો હતો. આ પછી, કેન્દ્ર સરકારે તે જ દિવસે Xને AI એપ Grok દ્વારા બનાવવામાં આવી રહેલી અશ્લીલ અને અભદ્ર કન્ટેન્ટ તાત્કાલિક દૂર કરવા જણાવ્યું હતું, નહીં તો કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

Xએ કાર્યવાહીની જાહેરાત કરતી વખતે કહ્યું કે ભારત અમારા માટે એક મોટું બજાર છે. કંપનીએ કહ્યું કે તે અહીંના નિયમોનું સન્માન કરશે. આ પગલું મોડરેશનને મજબૂત બનાવશે.

રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ શનિવારે X પર આ મુદ્દા અંગે બીજી પોસ્ટ પોસ્ટ કરી. તેમણે લખ્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ Grok દ્વારા અપમાનજનક અને જાતીય રીતે અશ્લીલ તસવીર બનાવવાને સંપૂર્ણપણે રોકવાને બદલે ફક્ત પેઈડ યુઝર્સ સુધી મર્યાદિત રાખ્યું છે.

તેમણે આરોપ લગાવ્યો કે આ પગલું મહિલાઓ અને બાળકોની તસવીરના અનધિકૃત દુરુપયોગને




અસરકારક રીતે મંજૂરી આપે છે, જેનાથી તેઓ જોખમમાં મુકાય છે. તેમણે કહ્યું કે તે શરમજનક છે કે પ્લેટફોર્મ નિંદનીય વર્તનનું મોનિટાઈઝ કરી રહ્યું છે.

અગાઉ, 3 જાન્યુઆરીના રોજ, Xના માલિક ઈલોન મસ્કે કહ્યું હતું કે કેટલાક લોકો કહી રહ્યા છે કે ગ્રોક અપમાનજનક તસવીરો બનાવે છે, પરંતુ તે કંઈક ખરાબ લખવા માટે પેનને દોષ આપવા જેવું છે. કલમ શું લખવું તે નક્કી કરતી નથી, પણ જે તેને પકડીને લખે છે તે નક્કી કરે છે. મસ્કે કહ્યું કે ગ્રોક પણ આવી જ રીતે કામ કરે છે. તમને જે મળે છે તે મોટાભાગે તમે તેમાં શું ઈનપુટ કરો છો તેના પર આધાર રાખે છે. કારણ કે જવાબદારી ટુલની નહીં પરંતુ તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની છે.

શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ 2 જાન્યુઆરીએ IT મંત્રી અશ્વિની વૈષ્ણવને AI ચેટબોટ ગ્રોકના દુરુપયોગ અંગે પત્ર લખ્યો હતો.

સોશિયલ મીડિયા પર, ખાસ કરીને X પર, AIના Grok ફીચરનો દુરુપયોગ થઈ રહ્યો છે. કેટલાક પુરુષો ફેક એકાઉન્ટ બનાવી રહ્યા છે અને મહિલાઓના ફોટા પોસ્ટ કરી રહ્યા છે, AIને કપડાં નાના દેખાડવા અથવા તસવીરોને ખોટી રીતે રજૂ કરવા કહી રહ્યા છે.

આ ફક્ત નકલી એકાઉન્ટ્સ પૂરતું મર્યાદિત નથી, પરંતુ જે મહિલાઓ પોતાના ફોટા શેર કરે છે તેમને પણ નિશાન બનાવવામાં આવી રહી છે. આ ખૂબ જ ખોટું છે અને AIનો ગંભીર દુરુપયોગ છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે Grok આ અયોગ્ય માંગણીઓને સ્વીકારી રહ્યા છે. આ મહિલાઓની ગોપનીયતાનું ઉલ્લંઘન કરે છે અને મંજુરી વિના તેમની છબીઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. આ ફક્ત ખોટું નથી, તે એક ગુનો છે. કેટલાક વપરાશકર્તાઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નકલી એકાઉન્ટ બનાવે છે. તેઓ આ એકાઉન્ટ્સમાંથી મહિલાઓના ફોટા પોસ્ટ કરે છે. ત્યારબાદ Grok AIને પ્રોમ્પ્ટ આપવામાં આવે છે કે મહિલાઓના ફોટાને ખોટી રીતે અને અપમાનજનક રીતે પ્રદર્શિત કરે. AIને કપડાં બદલવા અથવા તસવીરને સેક્સ્યુઅલ અંદાજમાં રજૂ કરવા જેવા સંકેતો આપવામાં આવે છે. આ તસવીરો માટે મહિલાઓ પાસેથી કોઈ મંજુરી લેવામાં આવતી નથી. કેટલીકવાર, મહિલાઓ પોતે જ જાણતી નથી કે તેમના ફોટાનો આ રીતે ઉપયોગ થઈ રહ્યો છે.

# અમેરિકાના મિસિસિપીમાં ગોળીબાર: છ લોકોનાં મોત, માનસિક અસ્થિર વ્યક્તિએ 3 અલગ-અલગ જગ્યાએ ફાયરિંગ કર્યું

**વોશિંગ્ટન, તા.11**

મિસિસિપી શહેરમાં સામૂહિક ગોળીબારની ઘટના સામે આવી હતી, જેમાં છ લોકોના મૃત્યુ થયા છે. ન્યૂયોર્ક પોસ્ટના જણાવ્યા અનુસાર, એક માનસિક અસ્વસ્થ વ્યક્તિએ અલગ-અલગ 3 જગ્યાએ ગોળીબાર કરીને આ ઘટનાને અંજામ આપ્યો હતો.

ક્લે કાઉન્ટીના શેરિફ એડી સ્કોટે ફેસબુક પર ઘટનાની અંગેની વિગતો આપી છે. તેમણે લખ્યું હતું કે, કમનસીબીની વાત છે કે આપણા સમુદાયમાં એક મોટી દર્દનાક ઘટના બની છે. હિંસાને કારણે અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.

અમેરિકન પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાઓ વેસ્ટ પોઈન્ટમાં ત્રણ જગ્યાએ ગોળીબારીની ઘટના બની હતી. ઘટનામાં સામેલ વ્યક્તિને પોલીસે કસ્ટડીમાં લીધો છે. મિસિસિપીના ઉત્તર-પૂર્વમાં




સ્થિત ક્લે કાઉન્ટીની વસ્તી આશરે 20,000 છે.

ધ એસોસિએટેડ પ્રેસ'ના અહેવાલ મુજબ, આ ગોળીબાર અલબામા સરહદ પાસે આવેલા વેસ્ટ પોઈન્ટમાં થયો હતો. શેરિફ સ્કોટે NBC ન્યૂઝને જણાવ્યું હતું કે આ ઘટનામાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી કેટલાક શૂટરના સંબંધીઓ હતા.

નોંધનીય છે કે, ગયા વર્ષના ઓક્ટોબરમાં પણ મિસિસિપીમાં આ જ પ્રકારની ઘટનાઓ બની હતી. ઓક્ટોબર મહિનામાં થયેલી આ ગોળીબારની ઘટનાઓ કથિત રીતે હાઈસ્કૂલ ફૂટબોલ રમતો સાથે જોડાયેલી હતી. મિસિસિપીના ઉત્તર-પશ્ચિમ શહેર લી માં આવા જ એક હુમલામાં છ લોકોની હત્યા કરવામાં આવી હતી અને 12 અન્ય ઘાયલ થયા હતા.

અધિકારીઓએ હજુ સુધી ગોળીબારના ચોક્કસ કારણો વિશે કોઈ માહિતી આપી નથી, કે પીડિતોની ઓળખ જાહેર કરી નથી.

# તાઈવાનને સમજાઈ ગયું છે કે ટ્રમ્પ આર્થિક રોકાણ અને શસ્ત્રખરીદીની ભાષા જ સમજે છે

**વોશિંગ્ટન, તા.11**

પ્રમુખ ટ્રમ્પે તાઈવાનની નીતિને નવો જ વળાંક આપી દીધો છે. વેનેઝુએલાના પ્રમુખને તેમના પેલેસમાંથી ઉઠાવી લીધા પછી ટ્રમ્પે ગ્રીનલૅન્ડથી શરૂ કરી યુરોપમાં માથાનો દુ:ખાવો વધારી દીધો છે. ઈરાન ઉપર પણ તેમની નજર છે તેવામાં તાઈવાન અંગે કરેલા નિવેદને તાઈવાનમાં હલચલ મચાવી દીધી છે. ટ્રમ્પે કહી દીધું કે, 'તાઈવાન અંગે શું કરવું તેનો આધાર ચીનના પ્રમુખ શી-જિનપિંગ પર છે.' ન્યૂયોર્ક ટાઈમ્સ સાથેના ઈન્ટરવ્યુમાં જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું વેનેઝુએલા જેવી કાર્યવાહી ચીન તાઈવાન પર કરી શકે? ત્યારે તેમણે કહ્યું, 'શી જિનપિંગ તાઈવાનને ચીનનો ભાગ માને છે અને તે અંગે શું કરવું તે સંપૂર્ણ રીતે જિનપિંગ પર નિર્ભર છે. જોકે મેં તેમને કહ્યું છે કે, જો તેઓ તેમ કરશે (એટલે કે તાઈવાન પર કાર્યવાહી કરશે) તો મને ઘણું જ દુ:ખ થશે. તેથી હું આશા રાખું છું કે તેઓ તેમ નહીં કરે.' વેનેઝુએલામાં અમેરિકાના શક્તિ પ્રદર્શન અંગે ધ્યાન દોરતા ટ્રમ્પે કહ્યું, 'આ બન્ને અલગ અલગ પરિસ્થિતિ છે. તાઈવાન ચીન માટે તેવો ખતરનો નથી જેવો ખતરો માદુરો યુએસ માટે હતા.' ટ્રમ્પે ફરી તે જ વાત દોહરાવી હતી કે, 'હું જ્યાં સુધી અમેરિકાનો પ્રમુખ છું ત્યાં સુધી શી જિનપિંગ તેવું કશું નહીં કરે.' જિઓપોલિટિક્સના નિષ્ણાતો જોકે માને છે કે ટ્રમ્પે વેનેઝુએલામાં જે કાર્યવાહી કરી તેને લીધે તેવી આશંકા ઉપસ્થિત થાય છે કે રશિયા યુક્રેન ઉપર અને ચીન તાઈવાન ઉપર તેવી જ કાર્યવાહી કરી શકે છે.

હંમેશા તાઈવાનના રક્ષણ માટે કડક શબ્દોમાં વાત કરતા આવ્યા છે, પણ ટ્રમ્પનું એમ કહેવું કે 'તાઈવાનનું શું કરવું તે ચીને જોવાનું છે' એ થોડું નરમ નિવેદન લાગે છે, જેના કારણે તાઈવાનમાં ચિંતા પેદા થઈ ગઈ છે. ટ્રમ્પની નીતિ હંમેશા ટ્રાન્ઝેક્શનલ એટલે કે લેણ-દેણ આધારિત રહી છે. તેઓ



ઈચ્છે છે કે તાઈવાન રક્ષણ માટે અમેરિકાને વધુ પૈસા આપે અથવા વધુ શો ખરીદે. ટ્રમ્પના આ નિવેદનની શી અસરો થઈ તે જાણવા જેવું છે. ચીને આ નિવેદનને વધાવી લેતા કહ્યું કે તાઈવાન અમારો આંતરિક મામલો છે અને તે અંગે નિર્ણય લેવાનો અમને (એટલે કે ચીનને) સાર્વભૌમ અધિકાર છે. તાઈવાનના રક્ષણ માટેના અમેરિકાના નિવેદન પર હવે સવાલો ઉઠી રહ્યા છે. જોકે, ટ્રમ્પ પ્રશાસને ગયા વર્ષે જ તાઈવાનને ૧૧ અબજ ડોલરના હથિયારો વેચવાની મંજૂરી આપી હતી, જે દર્શાવે છે કે લશ્કરી મદદ ચાલુ છે. ઘણા વિશ્લેષકો માને છે કે ટ્રમ્પ માત્ર શી જિનપિંગ સાથે સારા સંબંધો જાળવવા અને યુદ્ધ ટાળવા માટે આવાં નિવેદનો આપે છે, પરંતુ વાસ્તવિકતામાં તેઓ તાઈવાન પર ચીનનો કબજો સહેલાઈથી સ્વીકારશે નહીં.

ટૂંકમાં, ટ્રમ્પની નીતિ બદલાઈ નથી, પરંતુ તે વધુ અનપ્રેડિક્ટિબિલ (અનુમાન ન લગાવી શકાય તેવી) બની ગઈ છે. તેઓ તાઈવાનના રક્ષણની ગેરંટી આપવાને બદલે શી જિનપિંગ સાથેના અંગત સંબંધો અને ડીલ પર વધુ ભાર મૂકી રહ્યા છે. ટ્રમ્પના આ નિવેદન પછી તાઈવાનની સરકાર અને ત્યાંના રાજકીય વર્તુળોમાં મિશ્ર અને ગંભીર પ્રતિક્રિયાઓ જોવા મળી છે. તાઈવાને અત્યંત સાવધાનીપૂર્વક પણ સ્પષ્ટ શબ્દોમાં પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તાઈવાનના વિદેશ મંત્રાલયે ટ્રમ્પના નામનો સીધો ઉલ્લેખ કરવાનું ટાળતા એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું હતું કે, તાઈવાન એક સાર્વભૌમ રાષ્ટ્ર છે અને તેના ભવિષ્યનો નિર્ણય લેવાનો અધિકાર માત્ર તાઈવાનની જનતા પાસે છે, કોઈ અન્ય દેશના નેતાને નહીં. તાઈવાને ભારપૂર્વક કહ્યું કે તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં લોકશાહીનો મજબૂત ગઢ છે અને અમેરિકા સાથેના તેના સંબંધો સમાન મૂલ્યો પર આધારિત છે.

તાઈવાનના રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો છે કે તાઈવાન પોતાની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે તૈયાર છે. તેમણે જણાવ્યું કે, તાઈવાન પોતાની સુરક્ષા માટે માત્ર બીજા દેશોનાં વચનો પર નિર્ભર રહી શકે નહીં. ટ્રમ્પના નિવેદનથી તાઈવાનના સામાન્ય લોકોમાં થોડો ફાળો પડ્યો છે એ તો નક્કી. લોકોમાં એવી ચર્ચા છે કે જો ચીન કોઈ મોટી આથક ડીલ ઓફર કરે, તો શું ટ્રમ્પ તાઈવાનને એકલું છોડી દેશે? તાઈવાનના સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર ટ્રમ્પના કડક વલણને કારણે ચિંતા છે. આ ઘટના પછી તાઈવાન હવજાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથેના સંબંધો વધુ મજબૂત કરી રૈહ્યું છે કે જેથી અમેરિકા પરની નિર્ભરતા થોડી ઓછી કરી શકાય.

તંત્રી લેખ

# અમેરિકી નિર્ણયો ટ્રમ્પ નહીં પેન્ટેગોન પ્રેરિત : ચીન ટાર્ગેટ

અમેરિકાએ જે રીતે વેનેઝુએલા ઉપર હુમલો કરીને તેના પ્રમુખ માદુરોને પકડી પાડયા અને તેમને અમેરિકા લાવીને જેલમાં ધકેલી દીધા તે ઘટનાના વૈશ્વિક ધોરણે જેટલા પ્રત્યાઘાત પડવા જોઈએ તે પડયા નથી. દેખીતી રીતે એવું લાગી રહ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્રને પણ હવે દુનિયામાં જે થઈ રહ્યું છે તેમાં ખાસ રસ રહ્યો નથી કે પછી હવે તેની પોતાની એવી શાખ કે ધાક રહી નથી. અમેરિકાને વેનેઝુએલામાં હુમલો કરવા માટે લાલ જાજમ પાથરી આપ્યું હોય તે રીતે અમેરિકી સૈનિકો વેનેઝુએલામાં ગયા હતા. તેઓ જઈને હુમલો કરીને અનેક લોકોને મારીને માદુરોને લઈ આવ્યા.

નવાઈની વાત એ છે કે, માદુરો કોઈ સામાન્ય માણસ કે આતંકી કે કેદી નહોતો. તે ત્યાંનો પ્રમુખ હતો. માદુરો સૈન્ય બેઝમાં સૈન્ય સુરક્ષા વચ્ચે બંકરમાં રહેતો હતો. આ વ્યક્તિને અમેરિકી સૈનિકો આવીને પત્ની સહિત ઉપાડી ગયા અને કોઈ રોકનાર કે ટોકનાર હતું જ નહીં. જાણકારો માને છે કે, આ તમામ ઘટના એક આયોજનબદ્ધ રીતે પાર પાડવામાં આવેલી હતી. તેના માટે દુનિયાભરના દેશોને પહેલેથી જ અમેરિકા દ્વારા સમજાવી દેવામાં આવ્યા હતા અથવા તો શાંત પાડી દેવામાં આવ્યા હતા. જાણકારો માને છે કે, આ તમામ કામગીરી માત્ર ટ્રમ્પના આદેશ કે ઈશારે થઈ શકે તેમ નથી. આ કામગીરી માટે પેન્ટાગોન દ્વારા વ્યાપક રીતે પ્લાનિંગ કરવામાં આવ્યું હશે. પેન્ટાગોન અમેરિકાનું એવું પાવર સેન્ટર છે કે, ત્યાં જે આયોજન થાય, ત્યાં જે નિર્ણયો લેવાય અને ત્યાંથી જે કામગીરી થાય તેને જ અમેરિકા માન્ય રાખે છે. જાણકારોના મતે તુંડમિજાજી ટ્રમ્પના તુક્કાઓમાં એટલું વજન જ નથી કે દુનિયાની કોઈપણ સરકાર ઉથલાવી શકે અથવા તો કોઈ પ્રમુખનું અપહરણ કરાવી શકે.

લાદેનને મારવાથી માંડીને, સદામને ઉપાડવા સુધીની કે પછી હાલમાં માદુરોને પકડી લાવવાની કામગીરી પેન્ટાગોનમાં જ તૈયાર કરવામાં આવી છે અને તેના જ ઈશારે બધું પૂરું થયું છે. ખાસ વાત એવી છે કે, આ જે ઘટના બની ત્યારબાદ ટ્રમ્પે કહ્યું કે, અમે હવે વેનેઝુએલાના તેલના કુવાઓ અમેરિકાને હસ્તક કરી લઈશું. જાણકારો માને છે કે, ટ્રમ્પનું આ નિવેદન હકિકતે પેન્ટાગોનના પ્લાનનો જ એક ભાગ છે. બીજી એક ઘટનાની વાત કરીએ તો અમેરિકાએ જ તાજેતરમાં એક રશિયાન ક્રૂડ વાહક જહાજને આંતરરાષ્ટ્રીય સરહદમાં આંતરીને પકડી પાડયું છે. અમેરિકાએ આ જહાજ રોકવા માટે પોતાના કારણો આપ્યા છે. બીજી બાજુ રશિયાએ પોતાની રીતે ખુલાસા કર્યા છે છતાં આ ઘટના ગળે ઉતરતી નથી. રશિયા અને અમેરિકા જ્યારે બીજા વિશ્વયુદ્ધ પછીથી એકબીજાની સામ સામે રહ્યા છે. હાલમાં પણ યુદ્ધના મોરચા જેવી સ્થિતિએ આવી જાય છે અને છતાંય આ ક્રૂડ જહાજ મુદ્દે રશિયા ખાસ રસ દાખવી રહ્યું હોય તેમ લાગતું નથી. જાણકારો માને છે કે, અમેરિકાએ જે રીતે અને જ્યાં જહાજ રોકીને પકડી પાડયું છે તે પણ અયોગ્ય છે અને આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ છે છતાં રશિયા શાંત છે. તે જરાય વિરોધ કરતું નથી અથવા તો કરવા માગતું નથી. લોકો કહી કહ્યા છે કે, વેનેઝુએલાના પ્રમુખનું અપહરણ હોય કે પછી રશિયન જહાજની અટકાયત હોય આ બંને ઘટનાઓ અકલ્પનિય રીતે પણ કલ્પના કરી શકાય તેવી નથી. યુએન અને તેની સાથે જોડાયેલા દેશો પણ શાંત છે. ઉલ્લેખનીય છે કે, જીયોપોલિટિક્સનો વિચાર કરીએ તો આ ઘટના ખૂબ જ મોટી અને રોચક છે. અમેરિકાની સરકાર દ્વારા ભૂતકાળમાં પણ વેનેઝુએલા ઉપર હુમલા કરાયા છે. ત્યાંની ક્રૂડ કંપનીઓમાં રોકાણ કરાયું છે અને તેલના કુવા પડાવી લેવા પ્રયાસ કરાયો છે છતાં અમેરિકા ત્યાંથી ભાગી પણ નીકળ્યું હતું. હાલના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો આ તેલના કુવા ફરીથી પોતાના હસ્તક કરવાનો વિચાર શા માટે આવ્યો. જાણકારો માને છેકે, અમેરિકા અને રશિયા અંદરખાને એક થઈ ગયા છે.

**જાણકારો જણાવે છે કે, મોટાભાગે પશ્ચિમી દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં છુટાછેડાના ત્રણ મુખ્ય કારણો હોય છે, લગ્નેતર સંબંધ, પારિવારિક અયોગ્યતા અને આર્થિક સમસ્યાઓ : પશ્ચિમના દેશોમાં પણ 70 અને 80ના દાયકાથી જ આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. બેબી બુમર્સ દ્વારા જાન્યુઆરીમાં સૌથી વધારે છુટાછેડા લેવાનું પ્રમાણ શરૂ થયું હતું જે આજે 50 વર્ષે પણ એવી જ રીતે ચાલી રહ્યું છે : છેલ્લાં 20 થી 25 વર્ષ દરમિયાન જાન્યુઆરીમાં છુટાછેડાના કેસ દાખલ કરવાનું ચલણ 33 ટકા જેટલું વધી ગયું છે. આ ઉપરાંત નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન છુટાછેડાના કેસ દાખલ કરવાનું પ્રમાણ 50 ટકા ઘટી જતું હોય છે**

# પશ્ચિમી દેશોમાં જાન્યુઆરી ડાયવોર્સ મન્થ તરીકે ઓળખાય છે

## આખા વર્ષની સરખામણીએ અમેરિકા સહિત પશ્ચિમી દેશોમાં જાન્યુઆરીમાં છુટાછેડાનું પ્રમાણ 35-40 ટકા જેટલું વધી જાય છે

તાજેતરમાં જ નવું વર્ષ શરૂ થયું છે. મોટાભાગે લોકો નવું વર્ષ શરૂ થાય ત્યારે નવા નવા રિઝોલ્યુશન્સ રાખતા હોય છે, નવા કાર્યો કરવાની ઈચ્છા વ્યક્ત કરતા હોય છે. હવે પરિવારને સમય આપીશ, હવે જીમમાં જઈશ, હવે વજન ઘટાડી દઈશ, હવે સિક્સપેક એબ્સ બનાવી દઈશ, હવે નવો બિઝનેસ શરૂ કરી દઈશ જેવા ઘણા સંકલ્પો રાખતા હોય છે. આમ નવું નવું અને પોતાને ગમે તેવા સુરક્ષિત ભવિષ્યનું સપનું જોઈને લોકો આગળ વધતા હોય છે. બીજી તરફ આ જ જાન્યુઆરી મહિનો જે વર્ષનો પહેલો મહિનો છે તે ઘણી લોકો માટે જીવનના સુખનો અને લગ્નજીવનનો અંતિમ મહિનો પણ બની જાય છે.

આશ્ચર્યની વાત એ છે કે, લોકો નવા જીવનના સંકલ્પો કરતા હોય છે પણ તેની સાથે સાથે તેઓ પોતાનું જુનું જીવન છોડીને આગળ વધવા માગતા હોય છે. તેઓ પોતાના લગ્નજીવનનો અંત આણીને નવા જીવનની શરૂઆતની વાત કરતા હોય છે. જાણકારો માને છે કે, જાન્યુઆરી એવો મહિનો છે જેમાં છુટાછેડાના કેસ સૌથી વધારે આવતા હોય છે. ખાસ કરીને અમેરિકા અને પશ્ચિમી દેશોમાં જાન્યુઆરીમાં છુટાછેડા લેવાનું પ્રમાણ સૌથી વધારે છે. છૂટાછેડા સાથે સંકળાયેલા વકલો, થેરાપીસ્ટ અને કાઉન્સેલિંગ એક્સપર્ટ જણાવે છે કે, આ મહિનામાં લોકો ટોક્સિક રિલેશનમાંથી મુક્ત થવાના સંકલ્પ સાથે છુટાછેડા લેવાનું વધારે પસંદ કરે છે. તેના કારણે જ જાન્યુઆરી મહિનામાં છુટાછેડાનું પ્રમાણ એકાએક વધી જાય છે. અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોમાં જાન્યુઆરીમાં સૌથી વધારે છુટાછેડા થતા હોવાથી તેને ડાયવોર્સ મન્થ તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ અધિકારિક રીતે આવું કોઈ નામ અપાયું નથી છતાં લોકબોલીમાં અને જાહેર વ્યવહારમાં જાન્યુઆરીને છુટાછેડાનો મહિનો ગણવામાં આવે છે.

અહેવાલો જણાવે છે કે, મોટાભાગે પશ્ચિમી સંસ્કૃતિમાં નવી શરૂઆત નવા વર્ષ અને નવા મહિનાથી થતી હોય છે. તેના કારણે યુગલો પણ નવા વર્ષમાં જ એકબીજાથી છુટા પડીને નવી જિંદગીની શરૂઆત કરવાનું વલણ દાખવતા હોય છે. તેના કારણે લિગલ જૂથમાં અને લોકોમાં જાન્યુઆરીને ડાયવોર્સ મન્થ કહેવાય છે. જાણકારો કહે છે કે, જાન્યુઆરીમાં જ છુટાછેડા વધારે થાય છે તેવું અત્યારથી નથી. ઘણા દાયકાઓથી સમાજમાં આ વલણ જોવા મળી રહ્યું છે. ડાયવોર્સના કેસ સાથે સંકળાયેલા એક વરિષ્ઠ વકીલે પોતાના અહેવાલમાં ટાંક્યું હતું કે, અમેરિકામાં ૧૯૭૦ના દાયકાથી જાન્યુઆરીમાં છુટાછેડા લેવાનું ચલણ છે. તેવી જ રીતે પશ્ચિમના દેશોમાં પણ ૭૦ અને ૮૦ના દાયકાથી જ આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. બેબી બુમર્સ દ્વારા જાન્યુઆરીમાં સૌથી વધારે છુટાછેડા લેવાનું પ્રમાણ શરૂ થયું હતું જે આજે ૫૦ વર્ષે પણ એવી જ રીતે ચાલી રહ્યું છે.

આશ્ચર્યજનક બાબત એવી છે કે, છેલ્લાં ૨૦થી ૨૫ વર્ષ દરમિયાન જાન્યુઆરીમાં છુટાછેડાના કેસ દાખલ કરવાનું ચલણ ૩૩ ટકા જેટલું વધી ગયું છે. સરેરાશ જોવા જઈએ તો આ મહિનામાં છુટાછેડાના કેસ દાખલ કરવાનું પ્રમાણ ૩૫થી ૪૦ ટકા જેટલું રહેતું હોય છે. આ ઉપરાંત નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન છુટાછેડાના કેસ દાખલ કરવાનું પ્રમાણ ૫૦ ટકા ઘટી જતું હોય છે. સામાજિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાન સાથે જોડાયેલા જાણકારો માને છે કે, આવી સ્થિતિ આવવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેના માટે સંશોધકો દ્વારા ૨૦૦૧થી ૨૦૧૫ સુધી છુટાછેડાના ડેટાનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું.




સંશોધકોએ જણાવ્યું કે, દર વર્ષે છુટાછેડાની પેટર્નમાં મોટાપાયે તફાવત જોવા મળતો હતો પણ જાન્યુઆરીમાં આ ડેટા ચેક કરીએ તો તેમાં સતત વધારો દેખાતો હતો. તે ઉપરાંત અન્ય મહિનાઓની સરખામણીમાં જાન્યુઆરીમાં તેમાં તફાવત જોવા મળતો હતો.

મહત્ત્વની વાત એ છે કે, આ મહિનામાં કદાચ છુટાછેડા દાખલ કરવાના પ્રમાણમાં ૩૩ ટકાનો, છુટાછેડા લેવામાં ૪૦ ટકા અને છુટાછેડા માટે તપાસ કરવાનો ક્રેઝ પણ ૩૦ ટકા જેટલો વધી ગયો છે. આ સિવાય લોકો ઓનલાઈન માધ્યમોમાં અને વકીલોના પોર્ટલ ઉપર પણ ડાયવોર્સ અને કેવી રીતે ડાયવોર્સ લેવા તેવી તપાસ સૌથી વધારે કરતા હોય છે. તેઓ સર્ચ એન્જીન ઉપર છુટાછેડા લેવાના રસ્તા પણ સૌથી વધારે શોધતા હોય છે. આ તમામ માટે જાન્યુઆરી મહિનો વધારે પસંદ કરાય છે. સંશોધકો જણાવે છે કે, આખું વર્ષ દરમિયાન વ્યક્તિના દાંપત્યમાં જે બન્યું હોય, તે ઉપરાંત તેના રોજિંદા જીવનનો જે ઘટમાળ હોય, તેના પડકારો, તેની જવાબદારીઓ અને તેની વચ્ચે આવતા કંકાસ અને અન્ય બાબતો તેને વધારે દુ:ખી કરતા હોય છે. ઘણી વખત એવું બને છે કે, માણસ આખું વર્ષ આ પીડા સહન કરી લે છે. તે દરમિયાન તહેવારો આવતા તેને આ બધામાંથી થોડી રાહત મળે છે. ત્યારબાદ નવું વર્ષ શરૂ થાય ત્યારે તે વિચારે છે કે, હું ખરેખર વધુ એક વર્ષ આવી રીતે ખેંચી શકીશ. તેને અંતરાત્મા થકી મળતા જવાબો જ છુટાછેડાના પ્રમાણમાં વધારો કરી રહ્યા છે. મહત્ત્વની વાત એવી છે કે, કેટલાક જાણકારો આ ટ્રેન્ડ અથવા તો સ્થિતિ સાથે સહમત થતા નથી. તેઓ માને છે કે જાન્યુઆરીને ડાયવોર્સ મન્થ તરીકે ન જોવો જોઈએ. અન્ય કેટલાક મહિનામાં પણ ડાયવોર્સ વધારે થાય છે. માર્ચ અને ઓગસ્ટમાં પણ છુટાછેડાનું પ્રમાણ વધારે છે. આ સંજોગોમાં જાન્યુઆરીને ડાયવોર્સ મન્થ નહીં પણ એવું કહી શકાય કે જાન્યુઆરી દરમિયાન ડાયવોર્સ સિઝન વધારે જામે છે. કેટલાક જાણકારો એવું માને છે કે, જાન્યુઆરીમાં છુટાછેડા માટે કેસ દાખલ કરવા સરળ છે. ત્યારબાદના મહિનાઓમાં સરકારી કામ વધારે ચાલતા હોય છે અને માર્ચ મહિનામાં તો કેસ દાખલ કરવા વધારે મુશ્કેલી થતી હોય છે છતાં લોકો કેસ દાખલ કરતા હોય છે. તેના પગલે જાન્યુઆરીમાં છુટાછેડા લેવાનું પ્રમાણ વધારે છે. જાન્યુઆરી, માર્ચ અને ખાસ કરીને સમર દરમિયાન છુટાછેડાના કેસ વધારે આવતા હોય છે. ૨૦૦૧થી ૨૦૧૫ દરમિયાન આ સમયગાળામાં છુટાછેડાના કેસમાં નોંધનીય વધારો જોવા મળ્યો હતો. છૂટાછેડાના ટ્રેન્ડની વાત કરીએ તો મોટાભાગે જુલાઈ અને ઓગસ્ટમાં પણ આવો જ ક્રેઝ જોવા મળે છે. સામાજિક અને અન્ય ભૌતિક જવાબદારીઓ પૂરી કરતા પહેલાં કેટલાક કિસ્સાઓમાં છુટા પડી જતા હોય છે. ઓગસ્ટ દરમિયાન છુટાછેડા લેતો મોટાભાગના લોકો ફેમિલિ વેકેશન પૂરું કરીને કે પછી બાળકોની સ્કુલ શરૂ થયા તે પહેલાં છૂટા પડવાનું પસંદ કરે છે. બીજી તરફ મોટાભાગના લોકો જાન્યુઆરીમાં જ છુટા પડવાનું પસંદ કરે છે જેથી તમામ સ્તરે નવી શરૂઆત કરી શકાય.

જાણકારો માને છે કે, મોટાભાગે યુગલોમાં જે સમસ્યા ચાલતી હોય છે તેમાં રજાઓ દરમિયાન વધારો થતો હોય છે. નવેમ્બર અને ડિસેમ્બર એવો સમયગાળો હોય છે જેમાં વધારે તહેવારો આવતા હોય છે અને રજાઓ હોય છે.

આ દરમિયાન સ્થિતિ એવી થાય છે કે, યુગલોને એકબીજા સામે જે સમસ્યા હોય છે તેમાં વધારો થાય છે અથવા તો પોતાના જીવનસાથીની ખામીઓ આ સમયમાં વધારે દેખાય છે. બીજી તરફ ક્રિસમસ અને અન્ય તહેવારોની રજાઓમાં મિત્રો, સગા-સંબંધીઓની અવરજવર વધારે રહેતી હોય છે. પાર્ટીઓ થતી હોય છે જેના કારણે ઘરનું અર્થતંત્ર ડામાડોળ થઈ જાય છે. તેના પગલે પણ યુગલો વચ્ચે તણાવ વધતો હોય છે. તેમાંય જે યુગલોના સંબંધ વધારે વણસેલા હોય છે તેમને વધારે મુશ્કેલી સર્જાતી હોય છે. તેમાં પણ તહેવારો સમયે સર્જાતી વિવિધ સ્થિતિઓ અને આર્થિક તંગી સંબંધોને વધારે આકરા કરી નાખે છે અને તેના તુટવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. જાણકારો સ્પષ્ટ માને છે કે, જેમના દાંપત્યમાં વિખવાદ ચાલતો હોય તેમને તહેવારો દરમિયાન સાથે રહેવામાં વધારે મુશ્કેલી થાય છે. આ ઉપરાંત બાળકોની સંભાળ, તેમના ખર્ચા, મહેમાનોની આગતા-સ્વાગતા જેવી બાબતો સ્થિતિને વધારે નકારાત્મક બનાવી દે છે. ખાસ કરીને મહિલાઓ સાથે આવું વધારે થતું હોય છે. તેઓ તહેવારો દરમિયાન કે રજાઓમાં ઘરે હોય છે. તેમાં ઘરનું કામ, મહેમાનોની સારસંભાળ, બાળકોની સારસંભાળ જેવી કામગીરીઓ તેમના માથે જ આવે છે. તેના કારણે સ્થિતિ એવી આવે છે કે, તહેવારો પૂરા થતાં જ મહિલાઓ દ્વારા છૂટાછેડા માટે અરજી કરવાની પહેલ કરવામાં આવે છે. મોટાભાગે જાન્યુઆરી દરમિયાન મહિલાઓ દ્વારા વધારે પ્રમાણમાં અરજીઓ કરવામાં આવે છે. સરેરાશ જોવા મળ્યું છે કે, તહેવારો પૂરા થયા બાદ પતિ કરતા પત્નીઓ વધારે ઝડપથી છુટા થવાનું પસંદ કરે છે. ઘણા કિસ્સામાં એવું પણ બનતું હોય છે કે, પરિવાર સાથે વધારે સમય રહેવા દરમિયાન અને સામાજિક જવાબદારીઓનું સતત વહન કરવા દરમિયાન વ્યક્તિને લાગતું હોય છે કે, મારે લાઈફમાં જે જોઈતું હતું તે આ બધું નહોતું. તેના કારણે જ વેલેન્ટાઈન ડે પછી, સમર વેકેશન પછી અને ક્રિસમસ વેકેશન પછી છુટાછેડા ફાઈલ કરવાના પ્રમાણમાં વધારો થઈ જાય છે. જાણકારો જણાવે છે કે, મોટાભાગે પશ્ચિમી દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં છુટાછેડાના ત્રણ મુખ્ય કારણો હોય છે, લગ્નેતર સંબંધ, પારિવારિક અયોગ્યતા અને આર્થિક સમસ્યાઓ.

તેઓ માને છે કે, જ્યારે બે પાત્રો દ્વારા એકબીજા સાથે કમિટમેન્ટ સાથે ન રહેવામાં આવે અથવા તો તેમાં શંકા જાય તેવી પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે સ્થિતિ વણસે છે.

કમિટમેન્ટના અભાવના કારણે લગ્નેત્તર સંબંધો વધતા હોય છે. તે ઉપરાંત એકબીજાને છેતરવાની સમસ્યા પણ વકરવા લાગે છે. આવા લોકો પારિવારિક જવાબદારીઓમાં પણ સેટ થઈ શકતા નથી. આખરે વાત વણસીને છેક છુટાછેડા સુધી પહોંચી જતી હોય છે.

# બંગાળમાં ઇડીનો ઉપયોગ કરવાનું ભાજપને ભારે પડયું

તૃણમુલ કોંગ્રેસની રાજકીય સલાહકાર કંપની આઈપેક્ટના પ્રમુખ પ્રતીક જૈનના ઘરે પડેલી ઈડીની રેઈડ પછી ઘણી નાટકીય ઘટનાઓ બની ગઈ છે. ઈડીના દરોડાના સમાચાર મળતા જ મુખ્યમંત્રી મમતા બેનર્જી સ્થળ પર પહોંચી ગયા હતા. અને એવો આક્ષેપ કર્યો હતો કે ઈડીએ એમના પક્ષની હાર્ડ ડીસ્ક તેમજ સંવેદનશીલ દસ્તાવેજો કબજે કરવાની કોશિષ કરી હતી. મમતા બેનર્જીએ પ્રતીક જૈનને પોતાના પક્ષના આઈટી ચીફ ગણાવ્યા હતા. ભાજપ અને ઈડીનો આક્ષેપ છે કે જૈન સામેના પુરાવાઓની ફાઈલ મમતા બેનર્જી પોતાની સાથે લઈ ગયા હતા. હવે મમતા બેનર્જીએ ઈડીના અધિકારીઓ પર પણ કેસ ઠોક્યો છે. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે, ભાજપ આખા દેશમાં વિરોધીઓ સામે ઈડીનો ઉપયોગ કરે છે, પરંતુ બંગાળમાં એમ કરવું એને ભારે પડયું છે. મમતા બેનર્જી સ્વભાવે ખૂબ આક્રમક છે અને કોઈનાથી ડરતા નથી. હવે જોવાનું એ રહે છે કે સત્તાધીશો બંગાળમાંથી પીછેહઠ કરે છે કે વાત આગળ વધારે છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મીડલ ઈસ્ટના દેશો સાથે સારા સંબંધ હોવાની વાતો થતી રહે છે. હવે વડાપ્રધાનની કસોટી થાય એમ લાગી રહ્યું છે. દેશમાં સુપરહીટ રહેલી ફિલ્મ ધૂરંધર પર મીડલ ઈસ્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રોડયુસર્સ એસોસીએશનએ હવે આ બાબતે વડાપ્રધાન મોદીના હસ્તક્ષેપની માંગણી કરી છે. સંગઠને આ પ્રતિબંધને એકતરફી અને ખોટો ગણાવ્યો છે. એસોસીએશનનું કહેવું છે કે, ફિલ્મની સફળતા જ સાબીતી છે કે, ફિલ્મમાં કંઈ ખોટું નથી. ઈમ્પા (ઈન્ડિયન મોશન્સ પિચર્સ પ્રોડયુસર્સ એસોસીએશન) એ વડાપ્રધાનને આ બાબતે દખલ કરવા કહ્યું છે. ભારતમાં સફળતા પછી પણ આ ફિલ્મ યુએઈ, બહેરીન, કુવૈત, કતર, ઓમાન અને સાઉદી અરબ જેવા દેશોમાં રીલીઝ થઈ શકી નથી.

છેલ્લા કેટલાક સમયથી જીઓ પોલીટીક્સ મામલે ભારતની સરકાર ગોથા ખાઈ રહી છે. હવે બીજા એક કેસમાં પણ ભારત સરકારના વિદેશ ખાતાની પરીક્ષા થવાની છે. અમેરિકી કોસ્ટ ગાર્ડે વેનેઝુએલાના દરિયા નજીકથી એક રશિયન ટેન્કર જપ્ત કર્યું છે. ટેન્કરના કર્મચારીઓમાં ત્રણ ભારતીઓનો સમાવેશ પણ થાય છે. અમેરિકાનો આરોપ છે કે, આ ટેન્કર લાંબા સમય સુધી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતું હતુ અને અમેરિકાની કોર્ટે એને જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. અમેરિકા હવે કહે છે કે આ ટેન્કરના કર્મચારીઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. રશિયા પોતાની રીતે એના કર્મચારીઓને છોડાવવા માટે અમેરિકા પર દબાણ લાવી રહ્યું છે. જાણવા મળ્યા પ્રમાણે જ્યારે ટેન્કર જપ્ત કરવામાં આવ્યું ત્યારે ટેન્કરમાં ૨૮ કર્મચારીઓ હતા. આ કર્મચારીઓમાં ૨૦ યુક્રેનના, ૬ જ્યોર્જિયાઇ, ૨ રશિયન અને ૩ ભારતીય છે. આ બધા હમણા અમેરિકાની કસ્ટડીમાં કેદ છે. દરેક દેશ પોતાના કર્મચારીઓને છોડાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ ભારત હજી રાહ જોઈને બેઠું છે.

અંકિતા ભંડારી હત્યા કેસમાં ભાજપના નેતા દુષયંત ગૌતમનું નામ જોડવા સામે હાઈકોર્ટે આપેલા ચુકાદા પછી આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજે એક વિડિયો શેર કર્યો હતો. સૌરભ ભારદ્વાજે કહ્યું છે કે તેઓ વિડિયો ડીલીટ નહીં કરે ભલે પછી એમને જેલ જવું પડે. હાઈકોર્ટએ આ પ્રકારના વિડિયો ૨૪ કલાકમાં ડીલીટ કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટે કોંગ્રેસ અને આપ સહીત બીજા યુઝર્સને આ સૂચના આપી હતી. સૌરભ ભારદ્વાજે છઠ્ઠી ડિસેમ્બરે સોશ્યલ મીડિયા એક્સ પર મુકેલો વિડિયો ફરીથી અપલોડ કર્યો છે. દિલ્હી આપના પ્રમુખે લખ્યું છે કે, 'હું આ પોસ્ટને ડીલીટ નહી કરૂ. જે કરવું હોય એ કરી લો. મારે અંકિતા ભંડારી માટે ન્યાય જોઈએ છે.' અંકિતા હત્યાકાંડની સંપૂર્ણ માહિતી આ વિડિયોમાં ભારદ્વાજે આપી છે. એમણે પોલીસ તપાસ પર પણ શંકા વ્યક્ત કરી હતી.

દિલ્હીના કોમવાદી હુલ્લડોના આરોપી સરજીલ ઈમામે એક કોર્ટમાં કહ્યું હતું કે, પોલીસનો એ આરોપ એકદમ ખોટો છે કે ઉમર ખાલીદ એનો મેન્ટર કે ગુરુ હતો. સરજીલ ઈમામે એમ પણ કહ્યું છે કે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં ભણતી વખતે બંને વચ્ચે કોઈ વાતચીત થતી નહોતી. કડકડુમા કોર્ટના એડિશનલ સેસન્સ જજ સમીર વાજપેયી સામે ઈમામ તરફથી હાજર થયેલા વકીલ તૈયબ મુસ્તફાએ કહ્યું હતું કે એમના અસીલને બીજા આરોપી ખાલીદ સાથે કોઈ સંબંધ નથી. જેએનયુમાં પાંચ વર્ષ દરમિયાન સરજીલને ઉમર ખાલીદ વચ્ચે વાતચીત પણ થઈ નહોતી. કાવતરૂ સાબિત કરવા માટે બંને વચ્ચે સંબંધ હોવો આવશ્યક છે. પોલીસ આ સંબંધ સ્થાપવામાં નિષ્ફળ ગઈ છે. ઉમર ખાલીદે સરજીલને સૂચનાઓ આપી હતી એ વાત પણ ખોટી છે. ફક્ત એક મીટીંગ વખતે ઉમર અને સરજીલ સાથે જોવા મળ્યા હતા. આ મીટીંગમાં હિંસા બાબતે કોઈ વાતચીત થઈ નહોતી.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલને દિલ્હીની એક કોર્ટે રાહત આપી છે. દ્વારકામાં એક સરકારી સંપત્તીને નુકશાન પહોંચાડવામાં આ રાહત કેજરીવાલને મળી છે. રાઉઝ એવન્યુ કોર્ટે ૨૦૧૯ના એક કેસમાં સુનાવણી દરમિયાન ફરિયાદ અરજી ડીસમીસ કરી હતી. આ કિસ્સામાં તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહીત ભૂતપૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ અને દિલ્હી નગર નીગમના કોર્પોરેટર નીતીકા શર્મા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ૨૦૧૯ના વર્ષમાં દ્વારકા સ્થિત સંપત્તીને નુકશાન પહોંચાડવા માટે ૨૦૧૫ની ૧૧મી માર્ચે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદ કરનારનું નામ શિવકુમાર સકસેના છે. ૨૮ માર્ચે પોલીસે કોર્ટને કહ્યું હતું કે કોર્ટના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ત્યાર પછી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ જાહેર મિલકતને નુકશાન પહોંચાડવાના પુરાવા તરીકે એક સીડી અને એફએસએલ રીપોર્ટ આપ્યો હતો.

# આપણી વિદેશ નીતિ, મમદાનીની ગુસ્તાખી પછી લાંબા સમયે નિવેદન આપ્યું

ભારતની વિદેશ નીતિ સંદર્ભે રાજકીય નીરિક્ષકો ટીકા કરી રહ્યા છે. આ નીરિક્ષકોને સાચા પાડતા બનાવો વારંવાર બનતા રહે છે. ન્યુયોર્ક શહેરના મેયર જોહરાન મમદાનીએ થોડા દિવસો પહેલા જેલમાં બંધ આરોપી ઉમર ખાલીદને પત્ર લખીને એના પ્રત્યે સહાનુભૂતી વ્યક્ત કરી હતી. ખરેખર તો એ જ વખતે ભારતે મમદાનીને ભારતની ન્યાયપાલીકામાં દખલ નહીં કરવા કહેવાની જરૂર હતી. દિવસો સુધી ચૂપ રહ્યા પછી કે એકાએક બત્તી થવાથી હવે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પ્રતીક્રિયા આપી છે. એમણે કહ્યું છે કે, અન્ય લોકશાહી દેશોની ન્યાયપાલિકાને માન આપવું જોઈએ અને એમને જે જવાબદારી સોંપાય છે એના પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. ઉચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિઓ પૂર્વગ્રહોથી પીડિત હોય એ શોભાસ્પદ નથી. પ્રવક્તાએ નામ લીધા વગર મમદાની પર નિશાન તાક્યું હતું. પરંતુ નવાઈની વાત એ છે કે, મમદાનીની સીધી ટીકા કરતા વિદેશ મંત્રાલય શા માટે ડરી રહ્યું છે. સલમાન ખાનની હિરોઈન ડેઝી શાહના ઘર નજીકના બિલ્ડીંગમાં આગ લાગી હતી. આ ઘટના સંદર્ભે ડેઝી શાહે એક વીડિયો બનાવીને વાયરલ કર્યો છે. એમનું કહેવું છે કે, મુંબઈમાં આવનારી ચૂંટણીને કારણે એમના ઘર નજીક ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ભાજપના કાર્યકરોએ અહીં ફટાકડા ફોડયા. આ બધા પ્રચાર કરવા માટે નિકળેલા કાર્યકરો મુર્ખ છે. મારા ઘરની આસપાસ ખોટુ થઈ રહ્યું છે. લોકોની સેન્સ કયાં છે? મારા ઘરની બહાર રોકેટ સળગાવવામાં આવ્યા હતા. બાંદ્રા ઈસ્ટમાં ચૂંટણીને કારણે પ્રચાર કરવા આ ટોળુ આવ્યું હતું. ભાજપે 'અભણ લોકોની ગેંગ' તૈયાર કરી છે. અભિનેત્રીનો આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. કેટલાક અભિનેત્રીની હિંમતને દાદ આપે છે કે એમણે રાજકીય પક્ષના તોફાની કાર્યકરોને જાહેરમાં અભણ કહ્યા.



કોલકત્તાની પોલીટીકલ કન્સલ્ટન્સી ફર્મ આઈ પેક પર ઈડીની રેઈડ પછી મોટો વિવાદ થયો છે. મમતા બેનર્જી અને કેન્દ્ર સરકાર સામસામે થઈ ગયા છે. દરોડા પછી પહેલી વખત આઈ પેકએ નિવેદન આપ્યું છે અને આ દરોડાને 'ચિંતાજનક ટ્રેન્ડ' બતાવ્યો છે. ફર્મના કહેવા પ્રમાણે ઈડીને તપાસમાં એ પુરો સહકાર આપશે અને ડગ્યા વિના પોતાનું કામ ચાલુ રાખશે. ફર્મએ ચોખ્ખુ કહ્યું છે કે એના કોઈ સંચાલકો ચૂંટણી લડવાના નથી અને એમનું એ કામ પણ નથી. તેઓ વિવિધ રાજકીય પક્ષોના સલાહકાર તરીકે કામ કરે છે અને હંમેશા પ્રમાણીક રીતે એમનું કામ કર્યું છે. પશ્ચિમ બંગાળમાં નજીકના ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. ભૂતકાળમાં ફર્મએ અલગ અલગ વિચારધારા ધરાવતા વિવિધ રાજકીય પક્ષોના સલાહકાર તરીકે કામગીરી કરી છે. ફર્મએ ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ટીએમસી, જેડીયુ અને શિવસેના માટે પણ કામ કર્યું છે.

બાંગ્લાદેશ સરકાર સાથે ભારતના સંબંધો બગડયા છે. બાંગ્લાદેશમાં થઈ રહેલી હિન્દુઓની હત્યા બાબતે ભારતે ચિંતા વ્યક્ત કર્યા પછી બાંગ્લાદેશે પણ વળતો ઘા કર્યો છે. બાંગ્લાદેશે દિલ્હી સહિત ભારતના મુખ્ય મિશનોની વિઝા સેવા બંધ કરી દીધી છે. આ માટેનું કારણ એવું આપવામાં આવ્યું છે કે, સલામતીની ચિંતાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકીય નીરિક્ષકો એમ માની રહ્યા છે કે બાંગ્લાદેશના આ નિર્ણયને કારણે તણાવમાં વધારો થયો છે. મોહમદ યુનુસ સરકારના વિદેશ બાબતોના સલાહકાર એમ તોહિદ હુસેનએ કહ્યું છે કે બાંગ્લાદેશે અમેરિકા દ્વારા લાગુ કરેલી વિઝા બોન્ડની જરૂરિયાત રદ કરવાની માંગણી કરી છે. બાંગ્લાદેશના આ નિર્ણયને કારણે બાંગ્લાદેશ સાથે વેપાર કરતા ભારતના વેપારીઓ ચિંતીત થઈ ગયા છે. એવી ચર્ચા થાય છે કે બાંગ્લાદેશ જેવો ટચૂકડો દેશ પણ ભારતનું નાક દબાવી શકે છે.

અમેરિકાએ પોતાના નાગરીકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તમામ હદ વટાવીને વિવિધ દેશોને નારાજ કરી રહ્યા છે એને કારણે ઘણા દેશોમાં પ્રવાસ કરતા અમેરિકન નાગરીકોને મુશ્કેલી થઈ શકે એમ છે. અમેરિકાના સત્તાધિશોને ખ્યાલ આવી જતા એમણે ૨૧ દેશોની યાત્રા નહીં કરવા માટે સલાહ આપી છે. આ યાદીમાં જોકે ભારત - પાકિસ્તાનનું નામ નથી. સોશ્યલ મીડિયા પર અધિકારીઓએ મૂકેલી પોસ્ટમાં આ દેશોની યાદી જાહેર કરવામાં આવી છે. અમેરિકાના નાગરીકો આ ૨૧ દેશોમાં પ્રવાસ નહીં કરી શકે. અફઘાનીસ્તાન, બેલારૂસ, બુર્કીના ફાસો, બર્મા, સેન્ટ્રલ આફ્રીકન રીપબ્લિક, હૈતી, ઈરાન, ઈરાક, લેબેનોન, લિબયા, માલી, નાઈઝર, ઉત્તર કોરિયા, રશિયા, સોમાલિયા, દક્ષિણ સુદાન, સુદાન, સિરિયા, યુક્રેન, વેનેઝુએલા, યમન.

છેલ્લા કેટલાક મહિનાઓમાં દેશના વિવિધ સ્થળોએ સ્લિપર બસોને અકસ્માત થતા આગ લાગવાથી ઘણા યાત્રીઓના મૃત્યુ થયા છે. હવે ટ્રાન્સપોર્ટ કમિશને સ્લિપર બસોમાં મુસાફરી કરનાર યાત્રીઓની સુરક્ષા માટે કડક નિયમો બનાવ્યા છે. આરટીઓને સૂચના આપવામાં આવી છે કે, સ્લિપર બસોના ડ્રાઈવરની કેબિનનું પાર્ટીશન ડોર દુર કરવામાં આવે. આ ઉપરાંત સ્લિપર બર્થ પર લગાડવામાં આવેલા સ્લાઈડરને પણ હટાવવામાં આવે. તમામ સ્લિપર બસોમાં ફાયર સેફટી ઉપકરણો રાખવાની સૂચના પણ આપવામાં આવી છે. આ સૂચનાઓનું પાલન જે બસો નહીં કરે એમને જપ્ત કરવામાં આવશે. સ્લિપર બસોના અકસ્માતમાં પ્રવાસીઓના મૃત્યુ થયા પછી રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ચિંતા વ્યક્ત કરી હતી. સ્લિપર બસોના રજીસ્ટ્રેશન વખતે દરવાજાની જગ્યા, ડાયમેન્સન, ઈમર્જન્સી ડોર, રૂફ હેચનો લેઆઉટ પણ આપવો પડશે. જનતાદળ યુનાઈટેડના સિનિયર નેતા કેસી ત્યાગીના નિવેદનને કારણે પક્ષ નારાજ થઈ ગયો છે. કેસી ત્યાગીએ આઈપીએલ બાબતે નિવેદન આપ્યું હતું. જેડીયુના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પક્ષનું નેતૃત્વ એમના નિવેદનોથી નારાજ છે. આવનાર દિવસોમાં એમની સામે કડક કાર્યવાહી પણ થઈ શકે છે. બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફીઝુર રહેમાનને રિલિઝ કરવામાં આવ્યો હતો. બીસીસીઆઈએ આપેલી સૂચનાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બાબતે કેસી ત્યાગીની લાઈન અલગ હતી. એમણે કહ્યું હતું કે રમતગમત અને રાજકારણની ભેળસેળ થવી જોઈએ નહીં. બાંગ્લાદેશના હિન્દુઓ પર થતા અત્યાચાર બાબતે તેઓ પણ દુ:ખી છે, પરંતુ એમનું કહેવું હતું કે મુસ્તફીઝુરને આઈપીએલમાં રમાડવો જોઈતો હતો. બાંગ્લાદેશે પોતાની ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે લીટ્ટન દાસની નિમણૂક કરી છે.

# ફોરેક્સ ટ્રેડિંગમાં 3 લાખનું દેવું, 'ડબલ લાઈફ' જીવતો લેબ ટેક્નિશિયન: રાતોરાત અમીર થવા માટે બ્લૂ મેફેડ્રોન બનાવવા લાગ્યો

સુરત, તા.11

સુરતના પરવટ પાટિયા વિસ્તારમાં આવેલા પોલારીસ મોલની જાણીતી 'ડીક્રિયા ફૂડ એન્ડ ફાર્મા લેબોરેટરી'માં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ચોંકાવનારી હકીકત સામે આવી છે. સુરતની જાણીતી એથર કંપનીમાં કામ કરતો સિનિયર કેમિસ્ટ ફોરેક્સ ટ્રેડિંગના સટ્ટામાં 3 લાખ રુપિયા હારી ગયો હતો, જેનો ફાયદો ઉઠાવીને લંડન બેઠેલા જનક જાગાણીએ તેની પાસે હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટીઓમાં વપરાતું 'બ્લુ મેફેડ્રોન' ડ્રગ્સ તૈયાર કરાવ્યું હતું. લેબની માલિકને અંધારામાં રાખીને માસ્ટમાઈન્ડ જનક અને સિનિયર કેમિસ્ટ બ્રિજેશે મોલમાં ડ્રગ્સની આ સિક્રેટ ફેક્ટરી ઊભી કરી દીધી હતી.



પોલીસની પૂછપરછ દરમિયાન મળેલી માહિતી મુજબ આરોપી જાણીતી કંપનીનો સિનિયર લેબ ટેકનિશિયન બ્રિજેશલાલ ભાલોડિયા માસ્ટર ઓફ કેમિસ્ટ્રીની ડિગ્રી ધરાવે છે. ટેક્નિશિયન તરીકે તેની સેલેરી માત્ર 30 હજાર જ હતી, જેમાં તે પોતાના ખર્ચાઓની ચૂકવણી કરી શકતો નહોતો. ફોરેક્સ ટ્રેડિંગના સટ્ટામાં તેને 3,00,000નું નુકસાન થયું હતું, જેની ભરપાઈ કરવા માટે તે કમાણીનો નવો રસ્તો શોધી રહ્યો હતો. આ વાતની જાણ લંડનમાં બેઠેલા માસ્ટરમાઈન્ડ જનક જાગાણીને થઈ અને તેણે તુરંત જ બ્રિજેશની આ આર્થિક સ્થિતિનો લાભ લઈને તેને ઈશા અનગણની લેબમાં ડ્રગ્સ તૈયાર કરવા માટે લલચાવ્યો હતો. માથે દેવુ હોવાના કારણે બ્રિજેશ પણ તુરંત જ માસ્ટરમાઈન્ડની ઓફરમાં લલચાઈ ગયો અને તે જનક માટે ડ્રગ્સ બનાવવા તૈયાર થઈ ગયો હતો. આ કેસની સૌથી કાળી બાજુ એ છે કે, બ્રિજેશ દેવુ ચૂકવવાની ચિંતામાં 'ડબલ લાઈફ' જીવી રહ્યો હતો. તે દિવસ દરમિયાન સચિનની કેમિકલ કંપનીમાં પ્રામાણિકતાથી નોકરી કરતો પણ જેવી રાત પડતી એટલે તે ટેક્નિશિયનમાંથી ડ્રગ્સ મેકર બની જતો. તપાસમાં બહાર આવ્યું છે કે, બ્રિજેશે આ લેબનો ઉપયોગ કરવા માટે ભારે ચતુરાઈ વાપરી હતી. લંડનમાં રહેતા માસ્ટરમાઈન્ડ જનક જાગાણીએ લેબની માલિક ઈશા અનગણને એવું કહીને મનાવી હતી કે, બ્રિજેશ ફ્યુલ મશીનરી પર રિસર્ચ કરી રહ્યો છે. ઈશા દિલ્હીમાં એક્ઝિબિશનમાં ગઈ હતી તેનો ફાયદો ઉઠાવીને બ્રિજેશે માત્ર 7 બાય 12 ફૂટની નાની જગ્યામાં મિનિ ડ્રગ્સ ફેક્ટરી ઊભી કરી દીધી હતી. છેલ્લા બે મહિનામાં તે પાંચથી વધુ વાર મોડી રાત્રે અહીં આવ્યો હતો અને ઓર્ડર મુજબ ડ્રગ્સના કન્સાઈનમેન્ટ તૈયાર કર્યા હતા.

આ ડ્રગ્સની ખાસિયત એ હતી કે, તે ગોવાની હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં સપ્લાય થતું અત્યંત શુદ્ધ 'બ્લુ ક્રિસ્ટલ' હતું. બ્રિજેશ તેની કેમિસ્ટ્રીની જાણકારીનો ઉપયોગ આ રેર ડ્રગ્સ બનાવવામાં કરતો હતો. લેબમાં ફૂડ ટેસ્ટિંગના સાધનોની આડમાં આ ઘાતક ખેલ ખેલાતો રહ્યો. બ્રિજેશ જ્યારે આ માલ તૈયાર કરી લેતો ત્યારે જનકના બે સાગરીતો ખુશાલ રાણપરિયા અને ભરત ઉર્ફે ભાણો તેની પાસેથી ડિલિવરી લેવા આવતા હતા, જેઓ આગળ જઈને જીલ ઠુમ્મર નામના પેડલરને આ માલ પહોંચાડતા.

પોલીસે જ્યારે દરોડો પાડ્યો ત્યારે ઘટનાસ્થળેથી 12.950 ગ્રામ બ્લ્યુ મેફેડ્રોન મળી આવ્યું હતું. આ ડ્રગ્સ એટલું પ્યોર હતું કે તેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લાખોમાં થાય છે. આ સાથે જ ડ્રગ્સ બનાવવા માટેના કેમિકલ્સ અને રો-મટીરિયલ પણ જપ્ત કરવામાં આવ્યા છે. દેવા નીચે દબાયેલા બ્રિજેશે રાતોરાત અમીર બનવા માટે આ રસ્તો પકડ્યો હતો, પરંતુ કેમિસ્ટ્રીનું તેનું જ્ઞાન તેને જેલના સળિયા પાછળ લઈ ગયું.

પોલારીસ મોલમાં ડ્રગ્સ બનાવવાના કેસમાં લેબની માલિક ઈશા અનગણે દિલ્હીથી પરત ફર્યા બાદ SOG સમક્ષ હાજર થઈને આપેલા નિવેદનમાં ખુલાસો કર્યો છે કે, આ સમગ્ર ષડયંત્ર લંડન બેઠેલા તેના કોલેજના જૂના મિત્ર જનક જાગાણીએ રચ્યું હતું. ઈશાએ જણાવ્યું કે, જનક સાથે કોલેજના સમયથી જૂની ઓળખાણ હોવાથી તેણે તેની વાત માની લીધી અને તેના મિત્ર બ્રિજેશલાલ ભાલોડિયાને લેબમાં ફ્યુલ મશીનરી પર રિસર્ચ માટે થોડી જગ્યા ભાડે આપવા સંમત થઈ ગઈ હતી.

વધુમાં તેણે જણાવ્યું કે, હું દિલ્હીમાં એક્ઝિબિશન માટે ગઈ હોવાથી તેને ખબર જ નહોતી કે બ્રિજેશ લેબનો ઉપયોગ રાત્રિના સમયે 9 વાગ્યે આવીને માત્ર 7 બાય 12 ફૂટની નાની જગ્યામાં બેસીને ઘાતક 'બ્લુ મેફેડ્રોન' ડ્રગ્સ બનાવવા માટે કરી રહ્યો છે, જેની આડમાં તેણે ફૂડ ટેસ્ટિંગના સાધનોનો ગેરલાભ ઉઠાવ્યો હતો. ઈશાએ સ્પષ્ટતા કરી છે કે, તેણે માત્ર મિત્રતા અને માનવતાના ધોરણે જગ્યા આપી હતી અને તેને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કની કોઈ જાણકારી નહોતી.

# સુરતમાં ગંદકી વચ્ચે બનતી પાણીપુરીના 20થી વધુ સ્થળો પર પાલિકાનો દરોડો, સડેલા બટાટા, ખરાબ પુરી અને પાણીનો ગટરમાં નાશ કરાયો.....

સુરત, તા.11

સ્વાદના શોખીન સુરતીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતા પાણીપુરી બનાવવાના એકમો પર આકસ્મિક દરોડા પાડીને મોટા પાયે ચાલી રહેલા ગંભીર બેદરકારીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પાંડેસરા અને રાંદેર જેવા વિસ્તારોમાં ગંદકીના સામ્રાજ્ય વચ્ચે તૈયાર થતી પાણીપુરીનો હજારો કિલો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે.



પાલિકાની ટીમને મળેલી બાતમીના આધારે રાંદેર અને પાંડેસરાના આશાપુરી, ગોવાલક નગર અને ક્ષેત્રપાલ નગર જેવા ગીચ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જે સ્થળોએ પાણીપુરી અને તેનો મસાલો તૈયાર કરવામાં આવતો હતો, ત્યાં ભારે અસ્વચ્છતા જોવા મળી હતી. અત્યંત દુર્ગંધ મારતી જગ્યાઓ પર ખુલ્લામાં બટેટા બાફવામાં આવતા હતા અને ગંદા પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો.

આરોગ્ય વિભાગની કાર્યવાહી દરમિયાન અખાદ્ય સામગ્રી મળી આવી હતી. મસાલા માટે વપરાતા બટેટા સડી ગયેલા અને જીવાતવાળા જોવા મળ્યા હતા. પુરી તળવા માટે વારંવાર ગરમ કરેલા અને કાળા પડી ગયેલા તેલનો ઉપયોગ થતો હતો. પાણીપુરીનું તીખું પાણી બનાવવા માટે શુદ્ધતાના કોઈ ધોરણો જળવાતા નહોતા. પાલિકાની ટીમે તાત્કાલિક ધોરણે ૨૦થી વધુ સ્થળો પર કામગીરી બંધ કરાવી દીધી હતી. હજારો લિટર દૂષિત પાણીને ગટરમાં વહાવી દેવામાં આવ્યું હતું અને સડેલા બટેટા તેમજ ખરાબ પુરીનો કચરામાં નિકાલ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગે આશાપુરી અને ક્ષેત્રપાલ નગરમાં આવેલા પાણીપુરી બનાવવાના દુકાનો પર દરોડા પાડીને તમામ ચીજવસ્તુઓ જપ્ત કરી હતી. આ સ્થળો પર ખાદ્ય સલામતીના નિયમોના લીરેલીરા ઉડતા જોવા મળ્યા હતા. પાલિકાએ આ તમામ એકમોને નોટિસ ફટકારી છે અને દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.

આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર કોઈપણ તત્વોને છોડવામાં આવશે નહીં. જો આગામી દિવસોમાં પણ સ્વચ્છતાના નિયમોનું પાલન નહીં કરવામાં આવે, તો આ એકમોને કાયમી ધોરણે સીલ કરવાની અને લાયસન્સ રદ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવશે. રસ્તા પર મળતી પાણીપુરી કેટલી હદે જીવલેણ સાબિત થઈ શકે છે, તેનો આ જીવંત પુરાવો છે. તંત્ર દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ ખાણી-પીણીની વસ્તુઓની ગુણવત્તા બાબતે સજાગ રહે. પાલિકાની ટીમને મળેલી બાતમીના આધારે રાંદેર અને પાંડેસરાના આશાપુરી, ગોવાલક નગર અને ક્ષેત્રપાલ નગર જેવા ગીચ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જે સ્થળોએ પાણીપુરી અને તેનો મસાલો તૈયાર કરવામાં આવતો હતો.

# સુરતના લસકાણામાં રસોઈ બનાવતી વખતે આગ લાગવાથી કપડા, ગોદડા, ઘરવખરી સહિતની વસ્તુઓ બળી ગઈ

સુરત, તા.11

સુરતના લસકાણા વિસ્તારમાં આજે મકાનમાં રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજ થવાથી આગ ફાટી નીકળતા ત્યાં હાજર વ્યક્તિઓમાં ફેલાતા નાસભાગ થઈ જવા પામી હતી. આ ઘટના અંગેની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે ગયો હતો અને ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે, આગના કારણે કપડાં, ગોદડા, ઘરવખરી સહિતની વસ્તુઓ બળી ગઈ હતી.

ફાયર ઓફિસર વિનોદ રોજીવાડીયાએ જણાવ્યું હતું કે, લસકાણા ગામ ખાતે મહિન્દ્રાના શો-રૂમ પાસે આવેલી જૂની જી.ઈ.બીની ઓફિસ પાસે આવેલા બે માળના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વોટર સપ્લાયની કામગીરી કરવામાં આવે છે અને પહેલાં અને બીજા માળે આવેલા રૂમમાં કેટલાક વ્યક્તિઓ રહે છે. જોકે, આજે બીજા માળે એક રૂમમાં ગેસ સિલિન્ડર પર એક યુવાન રસોઈ બનાવતો હતો. તે સમયે ગેસના પાઈપમાંથી ગેસ લીકેજ થવાના લીધે આગ ભડકી ઉઠી હતી. જેથી, ત્યાં રહેતા વ્યક્તિઓમાં ભય ફેલાઈ જતા ભાગદોડ થઈ ગઈ હતી.



આગના કારણે હાજર વ્યક્તિઓએ હિંમત દાખવીને ફાયર એક્સટિંગ્વિશરનો ઉપયોગ કરી આગ ઓલાવવાની કોશિષ કરતા હતા. કોલ મળતા ફાયર લશ્કરોનો કાફલો ઘટનાસ્થળે ધસી જાઈ પાણીનો છંટકાવ કરીએ થોડા સમયમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. જેના લીધે આજુબાજુની અન્ય 3 રૂમ બચાવી લીધી હતી. જ્યારે આગના લીધે કપડા, ગોદડા, ઘરવખરી, પંખો, વાયરિંગ સહિતની ચીજવસ્તુઓને નુકસાન થયું હતું.

# દેશભરની પોલીસને હંફાવનાર 'રહેમાન ડકેત' સુરતથી દબોચાયો

## 14 રાજ્યોમાં ગુનાખોરીના નેટવર્કનો સરદાર, 20 વર્ષનો આતંક, ઘોડાથી લઈને લક્ઝરી કારનો શોખીન

સુરત, તા.11

સુરત ક્રાઈમ બ્રાન્ચે દેશભરની પોલીસને 20 વર્ષથી હંફાવી રહેલા કુખ્યાત 'ઈરાની ડેરા'ના માસ્ટરમાઈન્ડ અને આંતરરાજ્ય ગેંગના સરદાર આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે રહેમાન ડકેતને લાલગેટ વિસ્તારમાંથી ગુપ્ત ઓપરેશનમાં ઝડપી પાડ્યો છે. 14 રાજ્યોમાં ગુનાખોરીના નેટવર્કના સરદાર તરીકે ઓળખાતો રાજુ ઈરાની એ નકલી CBI અધિકારી, સાધુ-બાવાના વેશમાં લૂંટ, લોકોને જીવતા સળગાવવાના પ્રયાસ અને MCOCA જેવા કડક કાયદા હેઠળના ગુનાઓ સાથે 20 વર્ષથી વધુ સમયથી પોલીસને ચકમા આપી રહ્યો હતો. મળતી માહિતી મુજબ ભોપાલના 'ઈરાની ડેરા'માંથી ગેંગને ઓપરેટ કરતો આ ડકેત લૂંટના પૈસાથી લક્ઝરી કારો, મોંઘી સ્પોર્ટ્સ બાઈક અને અરબી ઘોડાનો શોખ પૂરો કરતો હતો. જોકે, સુરત પોલીસે બાતમીના આધારે આ 'મોસ્ટ વોન્ટેડ' ગુનેગારને કોઈ ગોળીબાર વગર દબોચી લીધો છે, જેનાથી દેશભરમાં ફેલાયેલા આ ખતરનાક ગેંગની કમર તૂટી ગઈ છે અને અનેક વર્ષોથી વણઉકેલાયેલા ગુનાઓના રહસ્યો ખુલવાની શરૂઆત થઈ છે. આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચના DCP ભાવેશ રોઝીયાએ જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશના ભોપાલનો રહેવાસી આબીદ અલી ઉર્ફે રાજુ ઈરાની, જે 'ઈરાની ડેરા' તરીકે ઓળખાતી કુખ્યાત ગેંગનો મુખ્ય સૂત્રધાર છે, તે સુરતમાં આવ્યો છે. આ બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડ બાદ અનેક રહસ્યો ખુલવા માંડ્યા છે. તે ભોપાલમાં 'રહેમાન ડકેત'ના નામથી પ્રખ્યાત છે. આરોપી છેલ્લાં 13થી 14 વર્ષથી અમન નગર સોસાયટીમાં રહે છે.

તે અલગ-અલગ છ ગેંગનો સૂત્રધાર અને ગેંગ લીડર છે. તે અને તેનો ભાઈ ઝાકીર અલી અત્યંત વૈભવી જીવન જીવે છે અને આર્થિક રીતે ખૂબ સધ્ધર છે. તેઓ મોંઘી લક્ઝરી કાર અને બાઈક રાખવાના શોખીન છે. આ ગેંગના સભ્યો નકલી CBI ઓફિસર બનીને અથવા ધાર્મિક સાધુનો વેશ




ધારણ કરીને લોકોને છેતરવાનું અને લૂંટવાનું કામ કરે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ ગેંગની કાર્યપદ્ધતિ મુજબ દરેક ગેંગમાં ત્રણથી ચાર લોકો ગુનાને અંજામ આપે છે અને અન્ય ત્રણથી ચાર લોકો લૂંટનો મુદ્દામાલ સગેવગે કરી દે છે, જેથી જો ગેંગનો કોઈ વ્યક્તિ પકડાય તો પણ પોલીસના હાથે મુદ્દામાલ ન લાગે. જ્યારે પોલીસ આ આરોપીઓને પકડવા જાય છે ત્યારે તેઓ પોતાના ઘરની મહિલાઓ અને બાળકોને ઢાલ તરીકે આગળ કરી દેતા હોય છે. રાજુ ઈરાની અત્યાર સુધીમાં 10થી વધુ ગુનાઓમાં પકડાઈ ચૂક્યો છે અને હાલમાં 6થી વધુ ગંભીર ગુનાઓમાં વોન્ટેડ છે, જે અંગે તેની પૂછપરછ ચાલી રહી છે.

રાજુ ઈરાનીનું નેટવર્ક 14 જેટલા રાજ્યોમાં ફેલાયેલું છે. તે એક રાજ્યમાં ગુનો કરીને જો તેનું નામ ખુલે તો તરત જ બીજા રાજ્યમાં નાસી જાય છે. ડિસેમ્બર માસમાં જ્યારે ભોપાલ પોલીસના 150 જેટલા જવાનોએ 'ઈરાની ડેરા'માં કોમ્બિંગ હાથ ધર્યું હતું, ત્યારે પણ તે મહિલાઓને આગળ કરી ત્યાંથી છટકી ગયો હતો. તે સમયે પોલીસે ત્યાંથી અસંખ્ય બાઈકો કબજે કરી હતી.

આ સાથે જ તેઓએ જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ કે સાગરિત પોલીસને તેમની જાણકારી આપે તો તેઓ તેને ગંભીર નુકસાન પહોંચાડતા હતા. આવી જ એક ઘટનામાં બાતમી આપનાર વ્યક્તિને તેના જ ઘરમાં પૂરીને આ ગેંગે આખું ઘર સળગાવી દીધું હતું, જે કેસમાં તે નાસતો-ફરતો હતો. આરોપી સુરતમાં કોઈ નવા ગુનાને અંજામ આપે તે પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચે તેને દબોચી લીધો છે. તે જ્યાં રહે છે તે વિસ્તાર 'ઈરાની ડેરા' તરીકે જાણીતો છે. કદાચ ઈરાની લૂંટારુઓ સાથેના જૂના સંબંધો અથવા તેની ગુનાહિત કાર્યશૈલીના કારણે તેને 'રહેમાન ડકેત' કહેવામાં આવે છે. રાજુ ઈરાની સામે દેશભરમાં અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. હરિયાણાના ગુરુગ્રામમાં કલમ-392 હેઠળ લૂંટ, ઉત્તર પ્રદેશના બહરાઈચમાં છેતરપિંડી અને લૂંટ તેમજ દિલ્હી ક્રાઈમ બ્રાંચમાં વર્ષ 2022થી 420ના ગુનામાં તે વોન્ટેડ છે. તેનું ગુનાહિત સામ્રાજ્ય આખા ભારતના નકશા પર ફેલાયેલું છે. મહારાષ્ટ્રમાં તેની ગેંગ એટલી સક્રિય હતી કે, થાણેના કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં તેની સામે 'મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ' (MCOCA) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કાયદો અત્યંત કડક માનવામાં આવે છે અને જે સાબિત કરે છે કે તે એક સંગઠિત ગુનાખોરીનો માસ્ટરમાઈન્ડ છે.

આરોપીનું આખું નામ આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે રહેમાન ડકેત અસમત અલી ઈરાની છે. તે ભોપાલના કરોંદ વિસ્તારમાં આવેલી શિયા મસ્જિદ પાસેની અમન કોલોનીનો રહેવાસી છે. પોલીસ રેકોર્ડ પર તે માત્ર એક ચોર કે લૂંટારો નથી પણ એક 'ગેંગ લોર્ડ'છે, જે અનેક રાજ્યોમાં સક્રિય અનેક પેટા-ગેંગોનું સંચાલન કરતો હતો. રાજુ ઈરાની માત્ર લૂંટારો જ નથી પણ ક્રૂર માનસિકતા ધરાવતો આરોપી છે. રાજુ ઈરાની અને તેનો ભાઈ ઝાકીરઅલી મોજશોખની જિંદગી જીવતા હતા. લૂંટના પૈસામાંથી તેમણે લક્ઝરી કારોનો કાફલો જમા કર્યો હતો. તેમને અરબી ઘોડા પાળવાનો અને મોંઘી સ્પોર્ટ્સ બાઈક ચલાવવાનો પણ શોખ છે.

# ગુજરાતની સરકારી હોસ્ટેલો જ ઉકરડો!: શાક-સલાડમાં ઈયળ સહિતની જીવાતો, રસોડામાં ઉંદરડા

- **કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓના ધરણા, બે મહિનામાં 5થી વધુ ઘટના**

સુરત, તા.11

સુરતની દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) સંલગ્ન સમરસ હોસ્ટેલમાં 10 જાન્યુઆરીની મોડીરાત્રે ભારે હોબાળો મચી ગયો હતો. લાંબા સમયથી ચાલી રહેલી પાયાની સુવિધાઓની કમી અને નબળા ભોજનના વિરોધમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ઉગ્ર આંદોલન છેડવામાં આવ્યું છે. ન્યાયની માગ સાથે સેંકડો વિદ્યાર્થીઓ કડકડતી ઠંડીમાં હોસ્ટેલના મુખ્ય ગેટ પર જ સૂઈ ગયા હતા અને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

સમરસ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓનો આરોપ છે કે, તેમને છેલ્લા ઘણા સમયથી પૌષ્ટિક અને શુદ્ધ આહાર મળી રહ્યો નથી. ભોજનની ગુણવત્તા એટલી હદે ખરાબ છે કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું છે. શાક-સલાડ સહિતમાંથી ઈયળો, મકોડા સહિતની જીવાતો નીકળે છે. આ ઉપરાંત, હોસ્ટેલમાં પીવાનું ચોખ્ખું પાણી, સાફ-સફાઈ અને મેઈન્ટેનન્સનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, આ બાબતે અનેકવાર હોસ્ટેલ પ્રશાસનને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ વહીવટી તંત્રના બહેરા કાને કોઈ જ અવાજ પહોંચ્યો ન હતો.

છેલ્લા બે મહિનામાં ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, જૂનાગઢ સહિતની સરકારી હોસ્ટેલોમાં ભોજનમાં જીવાતો નીકળવી, રસોડામાં ગંદકી, નબળી ગુણવત્તા વાળી સામગ્રીનો જમવામાં ઉપયોગ, પીવાનું શુદ્ધ પાણી અને અન્ય પાયાની સુવિધાને લઈ



વિદ્યાર્થીઓ મેદાને ઉતર્યા હોય તેવી પાંચથી વધુ ઘટના સામે આવી છે. આ મામલે સમાજ કલ્યાણ, કલેક્ટરથી લઈ મુખ્યમંત્રી સુધી ફરિયાદો થઈ છે, પણ કોઈના પેટનું પાણી હલતું નથી. પોતાની ભૂખ સંતોષવા માટે ભ્રષ્ટાચારીઓએ વિદ્યાર્થીઓનું ભોજન પણ છોડ્યો નથી.

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) સંલગ્ન સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની પીડાને વાચા આપવા માટે ABVPના કાર્યકર્તાઓ મેદાનમાં આવ્યા છે. ગઈકાલે મોડીરાત્રે શરૂ થયેલું આ આંદોલન જોતજોતામાં ઉગ્ર બન્યું હતું. વિદ્યાર્થીઓએ હોસ્ટેલના ગેટ પાસે જ ધરણા શરૂ કર્યા હતા. આક્રોશ એટલો હતો કે, અમને સુવિધા આપો અથવા ખુરશી ખાલી કરોના નારાઓથી આખું કેમ્પસ ગુંજી ઉઠ્યું હતું. વહીવટી તંત્ર સામે વિરોધ નોંધાવવા માટે વિદ્યાર્થીઓ કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે ગેટ પર જ સૂઈ ગયા હતા.

અપાતા ખોરાકની ગુણવત્તા સુધારવામાં આવે અને ડાયેટ ચાર્ટ મુજબ પોષણયુક્ત આહાર મળે. હોસ્ટેલમાં પીવાના પાણીના RO પ્લાન્ટ અને શૌચાલયોની નિયમિત સાફ-સફાઈ કરવામાં આવે. વિદ્યાર્થીઓની ફરિયાદો સાંભળવા માટે જવાબદાર અધિકારીઓની નિમણૂક થાય અને બેદરકાર સ્ટાફ સામે પગલાં લેવાય.

શુભમ સિંઘ (અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સુરત મહાનગર સહ-મંત્રી)એ જણાવ્યું હતું કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કાલ રાતથી અહીં બેસીને આંદોલન ચલાવે છે અને હવે બે-ત્રણ દિવસ કે ચાર દિવસ આંદોલન ચલાવવું પડશે તો પણ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને સમરસના વિદ્યાર્થીઓ આંદોલન માટે તૈયાર છે. જ્યાં સુધી વિદ્યાર્થીઓની સમસ્યાનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ આંદોલન ચલાવશે.

ગુજરાતની સરકારી હોસ્ટેલો ઉકરડો બની હોય તેવી ગંદકી અને રસોડામાં પણ ઉંદરડા આટા મારતા હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. છેલ્લા બે મહિનાની અંદર જ મહાનગરોની સમરસ અને અન્ય સરકારી હોસ્ટેલોમાં જમવા-પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓને લઈ વિદ્યાર્થીઓને આંદોલન કરવું પડે છે. સમાજ કલ્યાણ સહિતના તંત્રમાં અનેક ફરિયાદો છતાં પણ કોઈ સાંભળનારૂ નથી. રાજકોટ સમરસના વિદ્યાર્થીઓએ તો મુખ્યમંત્રી સુધી રજૂઆત કર્યા બાદ પણ સમસ્યાનું સમાધાન ન થતાં જાતે X (ટ્વીટર) પર પેજ બનાવી જીવાતો વાળા ખરાબ ભોજનના ફોટો-વીડિયો અપલોડ કર્યા છે. સરકાર શિક્ષણ ક્ષેત્રે માત્ર મોટી-મોટી વાતો કરતી હોય તેવુ લાગી રહ્યું છે અને તેના અનેક ઉદાહરણો પણ સામે આવ્યાં છે.

રાજકોટમાં સમરસ બોયઝ હોસ્ટેલના જમવામાં કીડા, મકોડા અને જીવાત, રબ્બર જેવી રોટલી અને પાણી જેવી છાશને કારણે 1000થી વિદ્યાર્થીઓએ કંટાળી 19 ડિસેમ્બરે ઉગ્ર નારેબાજી સાથે વિરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યા હતા કે, અહીં ભોજનના વાસણની બાજુમાં જ એંઠવાડનું વાસણ રાખવામાં આવે છે. ટોયલેટ બ્લોક તૂટેલી હાલતમાં તો લિફ્ટ વારંવાર બંધ થઈ જાય છે. ત્રણ મહિનામાં સમાજ કલ્યાણ અધિકારી, કલેક્ટરથી લઈને મુખ્યમંત્રી સુધી ઈમેલ મારફત રજૂઆતો કરી, પરંતુ સમસ્યાઓનું નિરાકરણ ન આવ્યું. આખરે વિદ્યાર્થીઓ દ્વારા પોતાની સમસ્યાઓને વાચા આપવા માટે X પર 'Inside samras hostel' નામનું પેજ બનાવવાની ફરજ પડી.

# મેદાનમાં ઉતરતા જ વિરાટ કોહલીનો નવો કીર્તિમાન, સૌરવ ગાંગુલી હવે પાછળ

**વડોદરા, તા.11**

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ક્રિકેટર અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રન, સદી, રેકોર્ડ્સની ભરમાર કરી ચૂક્યો છે. કોહલીએ આજે 11 જાન્યુઆરી 2026ના રોજ વડોદરામાં રમાયેલી વનડે મેચના મેદાન પર ઉતરતાની સાથે એક નવો કીર્તિમાન રચ્યો છે. કોહલી હવે ભારત તરફથી સૌથી વધુ વનડે ઈન્ટરનેશનલ મેચ રમનાર ખેલાડીઓના ટોપ 5 લિસ્ટમાં સામેલ થઈ ગયો છે.

વિરાટ કોહલીએ ભારત માટે અત્યાર સુધી 309 વન ડે ઈન્ટરનેશનલ મેચ રમી છે, આ સાથે તે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો રેકોર્ડ તોડી આગળ નીકળ્યો છે. જેમને ભારતીય ટીમ માટે 308 વન ડે મેચ રમી હતી, કોહલીની ઉપર આ લિસ્ટમાં રાહુલ દ્રવિડ, ધોની, સચિનનું પણ નામ છે પણ તેંડુલકરનો રેકોર્ડ તોડવો કોહલી માટે ખૂબ જ કઠિન સાબિત થશે.

કારણ કે ભારત માટે સૌથી વધુ વન ડે ઈન્ટરનેશનલ મેચ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે રમી છે, જે એક વર્લ્ડ રેકોર્ડ છે. સચિનનું 24 વર્ષ લાંબુ કરિયર રહ્યું હતું જે ક્રિકેટ ઈતિહાસમાં સ્વર્ણિમ અધ્યાયની રૂપે યાદ રાખવામાં આવે છે. બીજી તરફ મહેન્દ્રસિંહ ધોની, બાદમાં રાહુલ દ્રવિડ અને મોહમ્મદ અઝહરુદ્દીન પણ આ લિસ્ટમાં મોખરે છે.

37 વર્ષના વિરાટ કોહલીનું કરિયર ન માત્ર રન અને સદીથી ચમકેલું છે પણ લાંબી સ્થિરતા, ધૈર્ય, ફિટનેસ તેમજ ખેલ પ્રત્યેના સમર્પણને પણ ઉજાગર કરે છે. જેથી જ તેઓ આજે પણ વિશ્વના સૌથી વિસ્ફોટક બેટરમાં નામના ધરાવે છે. કોહલીએ ઓગસ્ટ 2008માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું.

આટલા વર્ષો બાદ પણ ટીમ ઈન્ડિયામાં હાલ તે વન ડે ફોર્મેટમાં રમી રહ્યો છે જેમાં સૌથી વિશ્વસનીય ખેલાડીઓમાંથી એક ગણાય છે. જ્યારે પણ ટીમને જરૂર હોય ત્યારે કોહલીની વિરાટ ઈનિંગ જોવા મળે છે. વન ડે ઈન્ટરનેશનલમાં કોહલીનું પ્રદર્શન શાનદાર રહ્યું છે, 14557 રન બનાવ્યા છે જેમાં 53 સદી અને 76 અડધી સદી સામેલ છે. હજુ પણ તે અનેક રેકોર્ડ બનાવી શકે છે. ચાહકો કોહલી ટેસ્ટ ક્રિકેટમાં પરત ફરે તેવી આશા રાખી રહ્યા છે.



# ન્યૂઝીલેન્ડ સામેની મેચ પહેલા વિરાટ કોહલી તેના 'મિની વર્ઝન' ને મળ્યો....

**નવી દિલ્હી, તા.11**



ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડે મેચ પહેલા પ્રેક્ટિસ સેશન દરમિયાન વિરાટ કોહલી એક એવા નાના પ્રશંસકને મળ્યો જે હૂબહૂ વિરાટના બાળપણ જેવો જ દેખાય છે. વડોદરામાં ટ્રેનિંગ બ્રેક દરમિયાન જ્યારે કોહલી ફેન્સને ઓટોગ્રાફ આપી રહ્યો હતો, ત્યારે તેની નજર આ બાળક પર પડી હતી. આ બાળકનો ચહેરો કોહલીના બાળપણના ફોટાઓ સાથે એટલો મળતો આવે છે કે ખુદ વિરાટ પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. નેટીઝન્સે આ બાળકને 'Mini VK' નામ આપ્યું છે. સોશિયલ મીડિયા પર આ મુલાકાતના વીડિયો અને ફોટા વાઈરલ થતા જ યુઝર્સે રમુજી અને આશ્ચર્યજનક પ્રતિક્રિયાઓ આપી હતી. યુઝરની કમેન્ટમાં લખ્યું,'આમાં તો 19-20નો પણ ફરક નથી.' 37 વર્ષીય વિરાટ કોહલી પણ આ બાળકને જોઈને હસવાનું રોકી શક્યો નહોતો અને તેની સાથે પ્રેમથી વાતચીત કરી હતી. વિરાટ કોહલી હાલમાં શાનદાર ફોર્મમાં છે. તેની છેલ્લી ચાર વન-ડે ઈનિંગ્સમાં તેણે બે સદી અને બે અડધી સદી ફટકારી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચોની સીરિઝની પ્રથમ મેચ 11મી જાન્યુઆરીએ વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. જ્યારે સીરિઝની બીજી મેચ 14મી જાન્યુઆરીએ રાજકોટમાં અને ત્રીજી મેચ 18મી જાન્યુઆરીએ ઈન્દોરમાં યોજાશે. આ સીરિઝ વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને માટે ખૂબ મહત્ત્વની છે, કારણ કે આગામી T20 વર્લ્ડ કપ અને IPL પહેલા આ જોડી ફરી એકવાર વન-ડે ફોર્મેટમાં સાથે જોવા મળશે. વડોદરાના સ્ટેડિયમમાં કોહલીના બેટમાંથી રનનો વરસાદ જોવા માટે ચાહકો આતુર છે.

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે પહેલી વન-ડે આજે વડોદરામાં, ટ્રાફિક-સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત

**વડોદરા, તા.11**

વડોદરામાં આજે (11મી જાન્યુઆરી) 15 વર્ષના લાંબા અંતરાલ બાદ આંતરરાષ્ટ્રીય મેન્સ ક્રિકેટનો પુનઃ પ્રારંભ થઈ રહ્યો છે. શહેરના કોટંબી સ્થિત નવનિર્મિત બરોડા ક્રિકેટ એસોસિયેશન (BCA) સ્ટેડિયમ ખાતે રવિવારે બપોરે 1 વાગ્યે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ડે-નાઈટ વન-ડે મેચ રમાશે. આ નવા સ્ટેડિયમમાં યોજાનારી આ પહેલી આંતરરાષ્ટ્રીય મેન્સ મેચને લઈ ક્રિકેટરસિકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિરાટ કોહલી અને રોહિત શર્માને વડોદરાના મેદાન પર રમતા જોવા માટે પ્રેક્ષકો એટલા આતુર હતા કે ઓનલાઈન ટિકિટ વેચાણ શરૂ થતાની સાથે જ તમામ ટિકિટો વેચાઈ ગઈ હતી. 30 હજારની ક્ષમતા ધરાવતું સ્ટેડિયમ આજે



ખીચોખીચ ભરાયેલું રહેશે. વહેલી સવારથી જ ચાહકો વિરાટ અને રોહિતના ટી-શર્ટ તથા ટોપી પહેરી સ્ટેડિયમ તરફ ઉમટી પડ્યા હતા.

સ્ટેડિયમ હાલોલ-વડોદરા હાઈવે પર હોવાથી ટ્રાફિક જામ ન થાય તે માટે પોલીસ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. વડોદરા તરફ આવતા ભારે વાહનો પર મેચ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિબંધ રહેશે. વાહનચાલકોએ જરોદ રેફરલ ચોકડીથી રાહકુઈ, રસુલાબાદ, રવાલ અને જેસંગપુરા પાટિયા થઈ આજવા ચોકડી તરફના માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત ટ્રાફિક, પાર્કિંગ અને એન્ટ્રી પોઈન્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરાયો છે.

અગાઉ આ સ્ટેડિયમમાં માસ્ટર લીગ અને ડબલ્યુપીએલ (WPL) ની મેચો સફળતાપૂર્વક રમાઈ હતી, જેના પરિણામે વડોદરાને હવે WPLની સેમિફાઈનલ અને ફાઈનલ સહિત 11 મેચોની યજમાની મળી છે. જો કે, આંતરરાષ્ટ્રીય મેન્સ ક્રિકેટ માટે આ સ્ટેડિયમનું આ 'ડેબ્યુ' છે.

ઉલ્લેખનીય છે કે ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમ સાતમી જાન્યુઆરીથી વડોદરામાં હાજર છે. ન્યૂઝીલેન્ડની ટીમ ત્રણ વનડે અને પાંચ ટી20 મેચની સિરીઝ રમવા માટે ભારત આવી છે. ટી20 વર્લ્ડ કપ પૂર્વે આ વનડે સિરીઝ બંને ટીમો માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# ઈજાગ્રસ્ત પંત બહાર થતાં ટીમ ઈન્ડિયામાં 'ધુરંધર' ખેલાડીની એન્ટ્રી, ODIમાં ડેબ્યૂની તક

**નવી દિલ્હી, તા.11**

ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ત્રણ વન ડે અને પાંચ ટી20 ઈન્ટરનેશનલ મેચની સીરિઝ રમવાની તૈયારી કરી રહી છે. બીજી તરફ વિકેટકીપર અને બેટ્સમેન ઋષભ પંત ઈજાગ્રસ્ત થવાના કારણે ટીમની બહાર થઈ ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઋષભ પંતને સાઈડ સ્ટ્રેન થયું છે.

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ 11 જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની વન ડે સિરીઝ પહેલા ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો છે. વિકેટકીપર અને બેટ્સમેન ઋષભ પંત શનિવારે બપોરે વડોદરાના BCA સ્ટેડિયમમાં નેટ પ્રેક્ટિસ દરમિયાન ઈજાગ્રસ્ત થઇ ગયો હતો. બેટિંગ કરતા સમયે પંતની અચાનક જમણી બાજુ પડખામાં ભયાનક



દુખાવો થવા લાગ્યો હતો. ત્યારબાદ તેને તુરંત જ મેદાનની બહાર લઈ જવામાં આવ્યા હતા.

ઋષભ પંતને તુરંત જ એમ આર આઈ સ્કેન માટે ખસેડવામાં આવ્યો હતો. ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) ની મેડિકલ ટીમે તેમના ક્લિનિકલ અને રેડિયોલોજીકલ રિપોર્ટ્સ અંગે નિષ્ણાતો સાથે વિસ્તૃત અભ્યાસ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, પંતને સાઇડ સ્ટ્રેન (ઓબ્લીક મસલ ટીયર) છે. જેના કારણે પંતને ઓડીઆઇ સીરિઝમાંથી બહાર કરવાની ફરજ પડી હતી. હવે ઋષભ પંતના સ્થાને પસંદગી સમિતિએ યુવા વિકેટકીપર ધ્રુવ જુરેલને ટીમમાં સમાવવામાં આવ્યો હતો. બીસીસીઆઇના અનુસાર જુરેલ પહેલા જ ટીમ સાથે જોડાઇ ચુક્યો છે અને સીરીઝમાં સિલેક્શન માટે હાજર રહેશે. 24 વર્ષના જુરેલ ભારતીય ટીમ માટે 9 ટેસ્ટ અને 4 ટી20 ઈન્ટરનેશનલ મેચ છે. જો કે ધ્રુવ જુરેલ અત્યાર સુધી ઓડીઆઇ ડેબ્યુની તક નથી મળી. સાઉથ આફ્રિકાની વિરુદ્ધ હાલની વનડે સીરિઝમાં પણ જુરેલ ભારતીય ટીમનો હિસ્સો હતા. જુરેલે ટેસ્ટ મેચમાં 35.30 ની સરેરાશથી 459 રન બનાવ્યા છે, જેમાં 1 શતક અને 1 અર્ધશતકનો સમાવેશ થાય છે. બીજી તરફ ટી20 ઈન્ટરનેશનલ માં તેમના નામે 4.00 ની એવરેજથી 12 રન નોંધાયેલા છે. ન્યૂઝીલેન્ડ સામેની વન ડે સીરિઝ માટે ભારતીય ટીમ: શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), શ્રેયસ અય્યર (વાઇસ કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણા, કુલદીપ યાદવ, નીતીશ કુમાર રેડ્ડી, અર્શ દીપ સિંહ, યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલ (વિકેટકીપર).

# આવારાપન ટુની રિલીઝ ટાળવાનું કારણ ઈમરાન હાશ્મીનો અકસ્માત : મુકેશ ભટ્ટ

**મુંબઇ, તા.11**

મુકેશ ભટ્ટની ઈમરાન હાશ્મી સાથેની આવારાપન ટુની રિલીઝ તારીખને લંબાવવામાં આવી હોવાની માહિતી હતી. ધૂરંધર ટુ અને ટોક્સિક ફિલ્મ સાથે ટક્કર ટાળવા માટે નિર્માતાએ આવારાપન ટુની રિલીઝને લંબાવી હોવાની ચર્ચા હતી.પરિણામે હવે મુકેશ ભટ્ટે આવારાપન ટુ ફિલ્મની રિલીઝની લંબાવાના કારમની સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, ઈમરાન હાશ્મીનો અકસ્માત થયો હોવાથી તે ૪૫ દિવસ સુધી એકશન દ્રશ્યો કરવાની સ્થિતિમાં



નહતો જેથી એ સીન્સના શૂટિંગ હવે કરવામાં આવશે. મને ધૂરંધર ટુ અને ટોક્સિક ફિલ્મની રિલીઝનો કોઈ ડર નથી.આવારાપન ટુ ફિલ્મ પહેલા એપ્રિલમાં રિલીઝ થવાની હતી પરંતુ હવે આ ફિલ્મ મે અથવા જુન મહિનામાં રિલીઝ કરવાની યોજના છે.

આવારાપન ટુ માં ઈમરાન હાશ્મી અને દિશા પટાણીની જોડી જોવા મળવાની છે.જ્યારે રસપ્રદ છે કે શબાના આઝમી આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. ઈમરાન હાશ્મીની આવારાપન ૨૦૦૭માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મને દર્શકોએ પસંદ કરી હતી અને બોક્સઓફિસ પર સફળ ગઈ હતી.

# અમિતાભને સુરતમાં જોવા માટે પ્રશંસકોની ભીડ બેકાબુ બની

**મુંબઇ, તા.11**

અમિતાભ બચ્ચન હાલ સુરતમાં એક કાર્યક્રમનો હિસ્સો બનવા ગયા હતા. જ્યાં પ્રશંસકોની ભીડ તેમને જોવા ટોળે વળી હતી અને બેકાબુ બની ગઇ હતી. એટલું જ નહીં તેઓ જે બંગલામાં રહ્યા હતા તેના કાચ પણ તોડી નાખ્યા હતા.

અમિતાભ જે બંગલામાં રહ્યા હતા તે એક બિઝનેસમેનનો બંગલો હતો જેના કાચ તુટી ગયાહતા. જેનો વીડિયો સોશયલ મીડિયા પર વાયરલ થયો છે.

અમિતાભ સુરતમાં ૯મી જાન્યુઆરીએ ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગની ત્રીજી



સીઝનના ઉદ્ઘાટન માટ ેગયા હતા. તો બપોરના ત્યાં પહોચ્યા હતા. અમિતાભ જે બંગલામાં હતા તેની ચારેકોર તેમના પ્રશંસકોના ટોળા ઊમટી પડયા હતા. અમિતાભને બંગલામાંથી બહાર આવવા માટે પોલીસ રસ્તો કરી રહી હતી પરંતુ ધક્કામુક્કીમાં તેમને પણ ધક્કા લાગ્યા હતા.

વાયરલ થયેલા આ વીડિયોને જોતાં જ બિગ બીના પ્રશંસકો ગુસ્સે ભરાઇ ગયા હતા. તેમણે૮૩ વરસના અભિનેતાની સાથે આવી હરકત નહીં કરવાનું જણાવ્યું હતું.

આ પહેલા પણ ઘણી સેલિબ્રિટીઓ પ્રશંસકોએ ઘેરી લીધાની ઘટનાઓ ઘટી છે. જેમ કે હાલમા ંજ હૈદરાબાદમાં નિધિ અગ્રવાલ એક મોલમાં આવી રીતે ભીડની વચ્ચે ફસાઇ ગઇ હતી. અલ્લૂ અર્જુન પત્ની સ્નેહા રેડ્ડી સાથે એક કેફેમાં હતો ત્યારે પણ પ્રશંસકોના ટોળાએ તેમને ઘેરી લીધા હતા.

# 'અટકેલું નહોતું રહેવું...', ધનશ્રી સાથે છુટાછેડા અંગે ચહલે તોડ્યું મૌન, ડેટિંગ વિશે પણ બોલ્યો

**મુંબઇ, તા.11**

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની પર્સનલ લાઈફ ખૂબ જ ચર્ચામાં રહી છે. ગત વર્ષે જ તેના એક્ટ્રેસ ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા થઈ ગયા હતા. લગ્નના ચાર વર્ષ પછી આ કપલે અલગ થવાનો નિર્ણય લીધો. ત્યારબાદ ચહલ RJ મહવશ સાથે જોવા મળ્યો હતો. એવા અહેવાલો વહેતા થયા હતા કે, બંને ક-બીજાને ડેટ કરી રહ્યા છે, જોકે તેમણે હંમેશા એકબીજાને પોતાના મિત્રો ગણાવ્યા હતા. છૂટાછેડા બાદ ધનશ્રીએ ચહલ અંગે ઘણી બધી વાતો કરી. તેણે રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ' દરમિયાન ક્રિકેટર પર અનેક આરોપો લગાવ્યા હતા અને તેમના છૂટાછેડા અંગે પણ ચર્ચા કરી હતી. ચહલે ધનશ્રીની ટિપ્પણીઓનો જવાબ પણ આપ્યો હતો. હવે તેણે ફરીથી પોતૈના છૂટાછેડા અંગે વાત કરી છે. ક્રિકેટરે કહ્યું કે, 'હું મારી લાઈફમાં આગળ વધી ગયો છું અને હવે ધનશ્રી સાથે થયેલા છૂટાછેડા પર અટકી નહોતું રહેવું.' યુઝવેન્દ્ર ચહલે કહ્યું કે, 'મારા જીવનનું એક ચેપ્ટર હતું જે હવે ખતમ થઈ ગયુ છે. હું હવે તેમાંથી બહાર નીકળી ગયો છું. હું તે અંગે કંઈ વાત કરું અને તેના પર કોઈ રિએક્શન આવે. હું તે જગ્યાએ અટકી રહેવા નહોતો માગતો. હવે મારી પોતાની લાઈફ છે અને તેની પોતાની લાઈફ છે. સિમ્પલ વાત છે તે તેના જીવનમાં ખુશ રહે અને હું મારા જીવનમાં શાંતિથી રહું. ખુશ રહો યાર. કોઈને જીવનમાં દુઃખી કરીને શું મળવાનું છે. ચહલે પોતાના ડેટિંગ અંગેની અફવાઓ પર પણ મૌન તોડ્યું છે. તેણે એ વીડિયો પર રિએક્ટ



કર્યું છે જેમાં તે લંડનમાં મહવશ સાથે જોવા મળ્યો હતો. ચહલે કહ્યું કે, 'તમે મિત્રો સાથે ફરો છો તો વીડિયો આવી જ જાય છે. અમે કોઈ રિલેશનશિપમાં નથી. હું હેપ્પી સિંગલ છું.' ક્રિકેટરે સોશિયલ મીડિયા પર તેના ટ્રોલનો જવાબ આપતા કહ્યું, 'હું ઈન્ટરનેટને એટલું ગંભીરતાથી નથી લેતો. જ્યાં લોકો તમને પ્રેમ કરે છે, ત્યાં થોડી નફરત પણ કરશે.' ચહલે કહ્યું કે, 'મને આ બધી બાબતોથી આટલો ફરક નથી પડતો. મેં મારા જીવનમાં અપશબ્દોથી લઈને ટ્રોલિંગ બધુ જ સહન કર્યું છે. તો હું આ બધામાંથી નીકળી ગયો છું. લોકો અપશબ્દો બોલીને જશે. તો બોલો. કોઈ વાંધો નહીં. મેં મારા જીવનમાં બોડી શેમિંગનો પણ સામનો કર્યો છે.

# મેં મારું પોતાનું અલગોરિધમ બનાવ્યું છે

## તાપસી પન્નુએ આઉટસાઈડર તરીકે ઈન્ડસ્ટ્રીમાં પોતાની સફરની વાત કરી



**મુંબઇ, તા.11**

તાપસી પન્નુ છેલ્લા 15 વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે, તે ઈન્ડસ્ટ્રીમાં કોઈની ઓળખાણ કે પરિવારના સહકાર વિના ઈન્ડસ્ટ્રીમાં આવી હતી. તેણે આવતાં પહેલાં જ સ્વીકારી લીધું હતું કે તેના માટે કશું સહેલુ નહીં હોય. પરંતુ તેને વિશ્વાસ હતો કે તે પોતાના વિચાર સ્પષ્ટ રાખશે અને પોતાનાં નિર્ણય પર દૃઢ રહેશે તો તે પોતાની કેરિઅરને લાંબા ગાળે એક વારસો બનાવી શકશે.

તેણે આ વર્ષોમાં લોકપ્રિય અને વિચારપ્રેરક દરેક પ્રકારની ફિલ્મ કરી છે. તેણે પિંક, ધ ગાઝી એટેક, મુલ્ક, મનમર્ઝિયાં, મિશન મંગલ, સાંડ કી આંખ, હસીન દિલરુબા અને ડંકી જેવી ફિલ્મ કરી છે. ત્યારે ઈન્ડસ્ટ્રી બહારથી આવીને સફળતા મેળવવા પર તાપસીએ કહ્યું, "મને ખબર હતી કે કશું જ સહેલું નહીં હોય."

તાપસી કહે છે, "પંરતુ કોઈએ ક્યારેય ન કર્યું હોય એવું કશુંક જોઈતું હોય, તો તમારે એવું કશુંક કરવું જોઈએ જે, કોઈએ ક્યારેય ન કર્યું હોય. મારે એ યાદ રાખવું પડશે કે હું જે કામ કરું છું તે મારી આવનારી પેઢીઓ માટે છે, તેથી જીવનના દરેક તબક્કે મારે એને સ્વીકારવું પડશે. હું અહીં કોઈ બીજાની નકલ કરવા નથી આવી. નહીંતર મારું ખું જીવન કોઈની નકલ બની જશે. દરેકની પોતાની અલગ હાજરી અને પોતાનો અલગ અવાજ છે, એમાં મારે મારી ઓળખ અને મારો અવાજ શોધવો પડશે, તો જ હું એક લાંબા ગાળાની અસર છોડી શકીશ."

તેણે જે રીતે ફિલ્મો સ્વીકારી તે અંગે વાત કરતા તાપસી કહે છે, "પહેલાં તો મેં સાઉથમાં મારી કેરિઅરની શરૂઆતમાં લોકપ્રિય વિષયની ફિલ્મો જ કરી હતી પરંતુ પછી મને સમજાયું કે આ મારો રસ્તો નથી. તેના માટે મારે કેટલીક નિષ્ફળતાઓ અને નિરાશાઓનો પણ સામનો કરવો પડ્યો છે. મને સમજાયું કે જે ફિલ્મ વધુ લોકોને સ્પર્શી શકે અને દર્શકો જેને સ્વીકારી શકે, એવી ફિલ્મમાં મારું મન અને શરીર બિલકુલ એકસુર થઈને કામ કરે છે. તેથી હવે હું મારા અંતરાત્માનો અવાજ જ સાંભળું છું. જે ફિલ્મમાં માત્ર બેંક અકાઉન્ટમાં એન્ટ્રી થતી હોય એવી ફિલ્મ હું સ્વીકારતી નથી, હું એવી જ ફિલ્મ કરું છું જે મારી સર્જનાત્મક ક્ષમતાઓને કારણે મારા માટે એક નવી કેડી કંડારે, જેના પર બહુ ઓછા લોકો ચાલ્યા હોય. એવા ઘણા રોલ અને ફિલ્મો હતી, જે મને સરળતાથી મળી જતી હતી અને મને કહેવાતું હતું કે ટોપ પર પહોંચવા માટે મારે આ જ ફિલ્મો કરવી જોઈએ, પણ એમાંથી એક પણ ફિલ્મ ચાલી નહોતી. પરંતુ એ બધા વિકલ્પોથી ઉલટા ચાલીને મેં કેટલીક ચોક્કસ ફિલ્મ સ્વીકારી, જે એ લિસ્ટર હિરોઈન નહોતી સ્વીકારતી. મને એવું સમજાતું હતું કે આ ફિલ્મોથી દર્શકોને અસર થશે અને તેમને આ ફિલ્મ સ્પર્શી જશે. જ્યારે એ ફિલ્મો ચાલે છે, ત્યારે મને સમજાયું કે અંતરાત્માનો અવાજ સાંભળીને જ ફિલ્મ સ્વીકારવી જોઈએ. મેં મારું પોતાનું અલગોરીધમ બનાવ્યું છે."

# ઈરાનમાં અશાંતિ ફેલાવાથી ભારતને મોટું નુકસાન, જાણો કઈ-કઈ વસ્તુઓની થાય છે આયાત?.....

**નવી દિલ્હી, તા.11**

ઈરાનમાં આર્થિક સંકટને પગલે શરૂ થયેલું આંદોલન હવે હિંસક અને ઉગ્ર બની રહ્યું છે. ડિસેમ્બર 2025થી શરૂ થયેલા આ દેખાવોને કારણે ઈરાન અત્યારે રાજકીય અને આર્થિક અસ્થિરતાના ઉંબરે આવીને ઊભું છે. ઈરાનની આ કટોકટી ભારત માટે માત્ર ભૌગોલિક ચિંતા નથી, પરંતુ આર્થિક અને વ્યુહાત્મક રીતે પણ મોટું નુકસાન પહોંચાડી શકે તેમ છે.



ઈરાનમાં ફુગાવો, બેરોજગારી અને ચલણના ઘટતા મૂલ્ય સામે જનતા રસ્તા પર ઉતરી આવી છે. અત્યાર સુધીમાં સત્તાવાર રીતે 78થી વધુ લોકોના મોત થયા છે, જોકે બિનસત્તાવાર આંકડો ઘણો મોટો હોવાની આશંકા છે. સરકારે દેખાવોને દબાવવા માટે સાતમી જાન્યુઆરીથી દેશભરમાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર પ્રતિબંધ લાદી દીધો છે.

ભારતે ઈરાન દ્વારા મધ્ય એશિયા અને રશિયા સુધી પહોંચવા માટે મોટું રોકાણ કર્યું છે. ઈરાનમાં અસ્થિરતાથી મોટી અસરો પડી શકે છે. ભારત માટે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા પહોંચવા માટે ચાબહાર બંદર સૌથી મહત્ત્વનું છે. અશાંતિને કારણે આ બંદરની કામગીરી અને કનેક્ટિવિટી ખોરવાઈ શકે છે.

વાણિજ્ય વિભાગ દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, ભારત-ઈરાન દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ 2024-25 (એપ્રિલ 2024-માર્ચ 2025)માં આશરે 1.68 અરબ ડોલર સુધી પહોંચ્યો હતો. ભારતે 1.24 અરબ ડોલરના સામાનની નિકાસ કરી હતી અને 0.44 અરબ ડોલરના સામનની આયાત કરી હતી, જેના પરિણામે ભારતને 0.80 અરબ ડોલરનો વેપાર સરપ્લસ થયો હતો. જો કટોકટી વધુ વધશે, તો ચાબહાર બંદર પર કામગીરી ધીમી પડી શકે છે અને ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) દ્વારા થતી માલની અવરજવર પર સીધી અસર પડી શકે છે.

તાજેતરના વર્ષોમાં ભારત ઈરાનના પાંચ સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક રહ્યો છે. ભારતમાંથી ઈરાનમાં નિકાસ થતી મુખ્ય ચીજોમાં ચોખા, ચા, ખાંડ, ફાર્માસ્યુટિકલ્સ, કૃત્રિમ ફાઈબર, ઈલેક્ટ્રિકલ મશીનરી અને આર્ટિફિશિયલ જ્વેલરીનો સમાવેશ થાય છે. વધુમાં, ઈરાનમાંથી સૌથી મોટી આયાતમાં સૂકા મેવા, અકાર્બનિક/કાર્બનિક રસાયણો અને કાચના વાસણોની આયાત કરવામાં આવે છે.

ભારત ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં સૂકા મેવા અને કેમિકલ્સની આયાત કરે છે. જો સપ્લાય ચેઈન ખોરવાય છે, તો ભારતીય બજારોમાં આ વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને ફાર્મા ઉદ્યોગ માટે જરૂરી રસાયણોની આયાત અટકવાથી દવાઓના ઉત્પાદન ખર્ચ પર પણ અસર પડી શકે છે.

# અઠવાડિયામાં ચાંદી ₹15,686 મોંઘી, સોનું ₹3,114 ઉછળ્યું, જાણો 24, 22 કેરેટના નવા ભાવ

**નવી દિલ્હી, તા.11**

સોના-ચાંદીના ભાવમાં ગત સપ્તાહે ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. સપ્તાહ દરમિયાન જ્યાં એક તરફ ચાંદીમાં મોટો કડાકો બોલ્યો, તો બીજી તરફ તેમાં તોફાની તેજી પણ જોવા મળી. જોકે, સપ્તાહના અંતે બંને કિંમતી ધાતુઓ વધારા સાથે બંધ રહી હતી. જો તમે સોના-ચાંદીમાં રોકાણ કરવાની કે ખરીદી કરવાની યોજના બનાવી રહ્યા છો, તો ગત સપ્તાહના ફેરફારો પર નજર નાખવી જરૂરી છે.



સૌથી પહેલા ચાંદીના ભાવમાં આવેલા ફેરફારની વાત કરીએ તો, ગત સપ્તાહમાં તેમાં ભારે ઉથલપાથલ જોવા મળી. 2 જાન્યુઆરીએ, MCX પર 5 માર્ચ વાયદાની ચાંદીનો ભાવ 2,36,316 પ્રતિ કિલોગ્રામ હતો. સપ્તાહના પાંચ કારોબારી દિવસો દરમિયાન, ભાવ ઉછળીને 2,59,692 સુધી પહોંચ્યો હતો. જોકે, સપ્તાહના અંતિમ દિવસે (શુક્રવારે) ભાવમાં ઘટાડો થયો અને તે 723ના ઘટાડા સાથે 2,52,002 પ્રતિ કિલો પર બંધ રહ્યો. આમ, ભારે ઉતાર-ચઢાવ છતાં, સપ્તાહ દરમિયાન ચાંદીના ભાવમાં 15,686 પ્રતિ કિલોગ્રામનો મોટો વધારો નોંધાયો. ચાંદીના ઓલ-ટાઈમ હાઈ લેવલ (2,59,692)ની સરખામણીમાં, તે હજુ પણ 7,690 પ્રતિ કિલોગ્રામ સસ્તી મળી રહી છે.

સોનાના ભાવની વાત કરીએ તો, તેમાં પણ સપ્તાહ દરમિયાન તેજી જોવા મળી. MCX પર 5 ફેબ્રુઆરી વાયદાના સોનાનો ભાવ ગત શુક્રવારે 56ના સામાન્ય વધારા સાથે 1,38,875 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયો હતો. જોકે, સપ્તાહ દરમિયાનના ઉછાળાની વાત કરીએ તો, 2 જાન્યુઆરીએ 24 કેરેટ સોનાનો ભાવ 1,35,761 પ્રતિ 10 ગ્રામ હતો. આ હિસાબે, પાંચ કારોબારી દિવસોમાં સોનું 3,114 પ્રતિ 10 ગ્રામ મોંઘું થયું છે. સોનાનો લાઈફ-ટાઈમ હાઈ ભાવ 1,40,465 પ્રતિ 10 ગ્રામ છે, જેની સરખામણીમાં તે હજુ પણ 1,590 પ્રતિ 10 ગ્રામ સસ્તું છે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ની વેબસાઈટ મુજબ, ગત સપ્તાહના અંતિમ કારોબારી દિવસે વિવિધ ગુણવત્તાના સોનાનો ભાવ નીચે મુજબ હતો: ઉલ્લેખનીય છે કે જ્વેલરી ખરીદતી વખતે આ ભાવ પર GST અને મેકિંગ ચાર્જ અલગથી લાગુ પડે છે, જેનાથી કિંમતમાં વધારો થઈ શકે છે.

# ભારતને અમેરિકન બોન્ડથી અણગમો : RBIનું રોકાણ ઘટીને 190 અબજ ડોલર રહ્યું

## ચીન, બ્રાઝિલ, સાઉદી અરેબિયા અને હોંગકોંગ સહિતના અનેક દેશોએ યુએસ ટ્રેઝરી બોન્ડમાં હોલ્ડિંગ ઘટાડયું

**અમદાવાદ, તા.11**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું યુએસ ટ્રેઝરી બોન્ડમાં રોકાણ ૨૦૦ અબજ ડોલરની નીચે આવી ગયું છે. એક અહેવાલ મુજબ, ઓક્ટોબર ૨૦૨૫ના અંત સુધીમાં અમેરિકન ટ્રેઝરી બોન્ડમાં ભારતનું રોકાણ લગભગ ૧૯૦ અબજ ડોલર થઈ ગયું છે, જે એક વર્ષ પહેલા કરતા ૫૦.૭ અબજ ડોલરનો ઘટાડો છે.




અત્રે નોંધનીય છે કે આ વલણ ફક્ત ભારત પૂરતું જ મર્યાદિત નથી. ચીન, બ્રાઝિલ, સાઉદી અરેબિયા અને હોંગકોંગ સહિતના અનેક દેશોએ પણ યુએસ ટ્રેઝરી બોન્ડમાં પોતાનું હોલ્ડિંગ ઘટાડયું છે.

આ સમયગાળા દરમિયાન આરબીઆઈએ પોતાના સોનાના ભંડારમાં વધારો કર્યો છે. ઓક્ટોબર, ૨૦૨૫ના અંત સુધીમાં સેન્ટ્રલ બેંક પાસે ૮૮૦.૧૮ મેટ્રિક ટન સોનું હતું, જે એક વર્ષ પહેલા ૮૬૬.૮ મેટ્રિક ટન હતું. ૨૬ સપ્ટેમ્બર સુધીમાં કુલ ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં સોનાનો હિસ્સો વધીને ૧૩.૬ ટકા થયો છે, જે ગત વર્ષે ૯.૩ ટકા હતો.

ઓક્ટોબર ૨૦૨૫માં પાકતા યુએસ ટ્રેઝરી બોન્ડમાં કુલ વૈશ્વિક રોકાણ ૯.૨૪ ટ્રિલિયન ડોલર હતું. સૌથી વધુ ઈન્વેસ્ટમેન્ટ જાપાનનું ૧.૨ ટ્રિલિયન ડોલર હતુ. આ સિવાય યુકે પાસે ૮૭૭ અબજ ડોલર, ચીન પાસે ૬૮૮.૭ અબજ ડોલર(ઘટાડો), બ્રાઝિલનું રોકાણ ૨૨૮.૮ અબજ ડોલરથી ઘટીને ૧૬૭.૭ અબજ ડોલર થયું છે.

બજાર નિષ્ણાંતોના મતે યુએસ અને અન્ય વિકસિત દેશોમાં વધતા નાણાકીય દબાણને કારણે બોન્ડ યિલ્ડમાં વધારો થયો છે, જેના કારણે ટ્રેઝરી બોન્ડમાં વેલ્યુએશન નુકસાનનું જોખમ વધી ગયું છે. આ જોખમને ઘટાડવા માટે આરબીઆઈ સહિત અનેક કેન્દ્રીય બેંકો હવે તેમના સોનાના હોલ્ડિંગમાં વધારો કરી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી, વૈશ્વિક સ્તરે સેન્ટ્રલ બેંકોએ ડોલર પરની પોતાની નિર્ભરતા ઘટાડવાનું અને સોનાને સેફ-હેવન એસેટ તરીકે પ્રાથમિકતા આપવાનું શરૂ કર્યું છે. આ સમયગાળા દરમિયાન આરબીઆઈએ પોતાના સોનાના ભંડારમાં વધારો કર્યો છે. ઓક્ટોબર, ૨૦૨૫ના અંત સુધીમાં સેન્ટ્રલ બેંક પાસે ૮૮૦.૧૮ મેટ્રિક ટન સોનું હતું, જે એક વર્ષ પહેલા ૮૬૬.૮ મેટ્રિક ટન હતું. ૨૬ સપ્ટેમ્બર સુધીમાં કુલ ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં સોનાનો હિસ્સો વધીને ૧૩.૬ ટકા થયો છે, જે ગત વર્ષે ૯.૩ ટકા હતો.

# ગોલ્ડ-સિલ્વર ETFમાં રેકોર્ડ રોકાણ, AUM બમણી થઈને રૂ. 2 લાખ કરોડને પાર થઇ...

## ગોલ્ડ ETF એકાઉન્ટ્સમાં ૫૩ ટકાનો વધારો, જ્યારે ચાંદીના ETF એકાઉન્ટ્સ ચાર ગણા વધી ગયા

**અમદાવાદ, તા.11**

સોના અને ચાંદીના એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)ની સંયુક્ત એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ડિસેમ્બર ૨૦૨૫માં રૂ. ૨ લાખ કરોડને પાર થઈ ગઈ છે. રેકોર્ડ રોકાણો અને કિંમતી ધાતુના ભાવમાં સતત તેજીને કારણે માત્ર ચાર મહિનામાં જ એસેટ અન્ડર મેનેજમેન્ટ બમણી થઈ ગઈ છે.




એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા અનુસાર કેલેન્ડર વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં કુલ એયુએમ રૂ. ૫૭,૦૦૦ કરોડ હતી, જે સપ્ટેમ્બર સુધીમાં લગભગ બમણી થઈને રૂ. ૧ લાખ કરોડ થઈ અને હવે તો રૂ. ૨ લાખ કરોડના નવા શિખરને આંબી ગઈ છે.

બંને ઈટીએફમાં રેકોર્ડ રોકાણોને કારણે તેમના એયુએમમાં તીવ્ર વધારો થયો છે. અંદાજ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫માં ગોલ્ડ ઈટીએફમાં આશરે રૂ. ૧૧,૭૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ આવ્યું હતુ, જે કેલેન્ડર મહિનામાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. ચાંદીના ઈટીએફમાં રોકાણ પણ ગત મહિને બમણાથી વધુ વધીને રૂ. ૨૧૫૪ કરોડથી રૂ. ૪,૭૦૦ કરોડ થયું છે. ડિસેમ્બરના રોકાણ સાથે ૨૦૨૫ માટે ગોલ્ડ ઈટીએફમાં કુલ નેટ રોકાણ રૂ. ૪૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું. ચાંદીના ઈટીએફમાં વાર્ષિક રોકાણ રૂ. ૨૪,૨૦૦ કરોડ રહ્યું છે.

૨૦૨૫ના બીજા અર્ધવાર્ષિકમાં ગોલ્ડ ઈટીએફમાં નેટ ઈન્વેસ્ટમેન્ટ તમામ મ્યુચ્યુઅલ ફંડ કેટેગરીઓમાં બીજા ક્રમે રહેવાની ધારણા છે, જે ફ્લેક્સી-કેપ ફંડ પછી બીજા ક્રમે છે. ૨૦૨૫માં સ્થાનિક બજારમાં સોનાના ભાવમાં ૭૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે ચાંદીના ભાવમાં ૧૬૮ ટકાનો જંગી ઉછાળો આવ્યો હતો.

સતત ભૂરાજકીય તણાવ, મુખ્ય કેન્દ્રીય બેંકો દ્વારા વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષાઓ અને નબળા પડતા યુએસ ડોલરને કારણે સલામત રોકાણ તરીકે સોના-ચાંદીની આકર્ષણમાં વધારો થયો હતો. મજબૂત ઔદ્યોગિક માંગ, ખાસ કરીને સોલર અને ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગો અને સપ્લાય ઘટની મર્યાદાઓને કારણે ચાંદીના ભાવને પણ ટેકો મળ્યો હતો.

સોના અને ચાંદીના ઈટીએફમાં રોકાણકારોનો વધતો રસ નવા એકાઉન્ટ ઓપનિંગાના આંકડાઓ પરથી પણ પ્રતિબિંબિત થાય છે. ચાલુ વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૧૧ મહિનામાં ગોલ્ડ ઈટીએફ એકાઉન્ટ્સ અથવા ફોલિયોમાં ૫૩ ટકાનો વધારો થયો છે, જ્યારે ચાંદીના ઈટીએફ એકાઉન્ટ્સ ચાર ગણા વધી ગયા છે.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 85222 થી 82333 વચ્ચે અથડાશે

## નિફ્ટી 26222 થી 25333 વચ્ચે અથડાશે, કંપની પરિણામો બજાર પર પોઝિટીવ અસર લાવી શકે એવી શકયતા ઓછી

**મુંબઈ, તા.11**

વિશ્વને બાનમાં લેવાની અમેરિકી પ્રેસીડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ખતરનાક રણનીતિએ ફરી ઘણા નાના દેશોનું અસ્તિત્વ જોખમમાં હોવાનું સ્પષ્ટ કરી દીધું છે. વેનેઝુએલા પર પોતાનો કબજો જમાવી ચૂકેલા ટ્રમ્પને હવે ગ્રીનલેન્ડ જોઈએ છે અને વિશ્વના ઓઈલ ભંડારો પર કબજે કરતાં જઈ વિશ્વની ઓઈલ સપ્લાય-પુરવઠા પર પોતાનું નિયંત્રણ મેળવીને અમેરિકાને ફરી મહાસત્તા તરીકે પુન:પ્રસ્થાપિત કરવાનો અને વિશ્વ ન માને તો ત્રીજા વિશ્વ યુદ્ધમાં લઈ જવાનો ખતરનાક ખેલ ખેલવાનું શરૂ કર્યું છે. ભારતે અમેરિકાની આ દાદાગીરી સામે નહીં ઝુંકવાની રણનીતિ અપનાવી સસ્તું ઓઈલ જે દેશો પાસેથી મળશે એ ખરીદવાની બતાવેલી મક્કમતાને જોતાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો આગામી દિવસોમાં વધુ વણસવાની પૂરી શકયતા છે. હવે કોર્પોરેટ પરિણામોની સીઝન પણ શરૂ થઈ ગઈ છે ત્યારે કંપની પરિણામો બજાર પર ખાસ પોઝિટીવ અસર લાવી શકે એવી શકયતા ઓછી છે. ઉછાળા આવશે તો પણ ઉભરા જેવા નીવડી શકે છે. અમેરિકા, ઈરાન, વેનેઝુએલા, ચાઈના-તાઈવાન, રશીયા-યુક્રેન પર નજર અને આ વૈશ્વિક પરિબળો વચ્ચે આગામી નવા સપ્તાહમાં નિફ્ટી સ્પોટ ૨૬૨૨૨થી ૨૫૪૪૪ વચ્ચે અને સેન્સેક્સ ૮૫૨૨૨ થી ૮૨૩૩૩ વચ્ચે અથડાતા જોવાઈ શકે છે.

માત્ર બીએસઈ(૫૦૫૦૩૬) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, ૪૯.૭૭ ટકા ટાટા મોટર્સ લિમિટેડના પ્રમોટર્સ હોલ્ડિંગની, ISO 9001:1994, ISO 9001:2000, QS 9000, TS 16949:2002, TS 16949:2002, IATF 16949, TS16949 Secon Edition Certified, ઓટોમોબાઈલ કોર્પોરેશન ઓફ ગોવા લિમિટેડ (AUTOMOBILE CORPORATION OF GOA LTD.), વર્ષ ૧૯૮૦માં અગાઉની ટાટા એન્જિનિયરીંગ એન્ડ લોકોમોટીવ કંપની લિ.(ટાટા મોટર્સ) અને ઈડીસી લિમિટેડ(અગાઉ ઈકોનોમિક ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ગોવા, દમણ એન્ડ દિવ લિમિટેડ તરીકે ઓળખાતી) કંપની દ્વારા સંયુક્ત રીતે પ્રમોટ કરાયેલી કંપનીએ પ્રથમ એન્જિનિયરીંગ એકમ ગોવામાં સ્થાપ્યું હતું. કંપનીઅત્યારે શીટ મેટલ કોમ્પોનન્ટસ, એસેમ્બલિઝ અને બસ કોચીઝ, સ્ટાફ ટ્રાન્સપોર્ટ માટેની બસો, ડીફેન્સ માટેની બસો, લકઝરી બસો, સિટી બસો, સ્કુલ બસો, સ્લિપર બસો, સ્પેશ્યલ ઉપયોગ માટેના વ્હીકલ્સ, શીટ મેટલ પ્રોડક્ટસના મેન્યુફેકચરીંગ ક્ષેત્રે સક્રિય છે. જે માટે કંપની ભારતમાં હોન્ડા(ગોવા), ભુઈપાલ(ગોવા), પૂના(મહારાષ્ટ્ર), ધારવડ(કર્ણાટક)માં મેન્યુફેકચરીંગ બેઝ ધરાવે છે. વર્ષ ૧૯૮૨થી કાર્યરત કંપની ટાટા મોટર્સ પૂના ફેકટરીને પ્રેસિંગ્સ અને એસેમ્બિલીઝની મોટી સપ્લાયર છે. તેના ત્રણ એકમો ખાતે શીટ મેટલ ડિવિઝન ૧૭,૬૨૦ ટનથી વધુ હાઈ ટનેજ પ્રેસીઝ ધરાવે છે. વર્ષ ૧૯૮૭માં કંપનીએ સુબારૂ કારની મેન્યુફેકચરર ફયુજી હેવી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ-જાપાન સાથે ચેસીઝ




માઉન્ટેડ બસ બોડીઝના વિવિધ મોડલો માટે ટેકનીકલ કોલોબ્રેશન કર્યું હતું અને કંપનીએ સંપૂર્ણ બસ બોડી બિલ્ડિંગ ડિવિઝન સ્થાપ્યું હતું. કંપની આ ઉપરાંત એફએચઆઈ-ફયુજી હેવી ઈન્ડસ્ટ્રીઝ સાથે વર્ષ ૧૯૯૫માં મોનોકોક્યુ બસોના નિર્માણ માટે પણ કરાર કર્યા હતા.

કંપની હાલમાં અદ્યતન ઈલેક્ટ્રિક વાહન પ્લેટફોર્મ વિકસાવી રહી છે, જેમાં ૧૨ મીટર એસી કોચ અને લો-ફ્લોર ઈલેક્ટ્રિક બસનો સમાવેશ થાય છે. કંપની એસટીયુ અને ડિફેન્સ વાહનો માટે ક્ષમતા ડેવલપ કરવા પર ફોક્સ કરી રહી છે, સાથે જ ઈવી, સીએનજી અને એમસીવી માટે બસ એસેમ્બલી પણ બનાવી રહી છે, તેનો ઉદ્દેશ ઈલેક્ટ્રિક બસ બોડી મેન્યુફેકચરીંગમાં પ્રવેશવાનો અને કિંમત ઉપજાવવા માટે વધુ વજન ધરાવતી બસો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઉત્પાદન ક્ષમતા : કંપની વિશાળ જમીન અને માળખાકીય સુવિધાઓ, પર્યાપ્ત ઉત્પાદન અને કામગીરીની સુવિધાઓ, ટયુબ્યુલર બસ બોડી સ્ટ્રકચર, તમામ પ્રકારની બસોના ઉત્પાદનની ક્ષમતા એલસીવી, આઈસીવી, એમસીવી, એચસીવી, સ્લીપર કોચ, મોબાઈલ વાન, એમ્બ્યુલન્સ, ટીપર, આર્મર્ડ વાહન વગેરેનો સમાવેશ છે.

કાર્યક્ષમતા અને નાણાકીય સ્થિરતા : કંપની ઓછી મૂડીના આધાર, કંપનીના તમામ વ્યવહારો એસએપી સિસ્ટમ્સ દ્વારા કરવામાં આવે છે, મજબૂત અને વિશ્વસનીય વિક્રેતાનો આધાર, બધી બસો આધુનિક પરિવહનની વિકસતી જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે કસ્ટમ-એજ ટેકનોલોજી સાથે ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવી છે.

કંપનીએ શરૂઆત કરી ત્યારથી ૨૩, જૂન ૨૦૨૫ સુધીમાં એક લાખ બસ બોડીનું વેચાણ કર્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં એક નાણા વર્ષમાં સૌથી વધુ ૭૨૬૫ બસો અને ખાસ કરીને ચાલુ નાણા વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦,૦૦૦થી વધુ બસોનું વેચાણ કર્યું છે. કંપનીનો નિકાસમાં ૩૦ ટકા હિસ્સો છે, જ્યારે ડોમેસ્ટિકમાં ૭૦ ટકા હિસ્સો છે. ગત વર્ષની સફળતા મુખ્યત્વે બસ સેગ્મેન્ટમાં મજબૂત વૃદ્ધિ દ્વારા પ્રેરિત હતી, જે કંપનીની કુલ આવકમાં ૯૦ ટકા ફાળો આપે છે. ટાટા મોટર્સ, કંપનીના સૌથી મોટા ગ્રાહક તરીકે ટર્નઓવરમાં ૮૫થી ૯૦ ટકા ફાળો આપે છે. કંપનીએ ડિજિટલ અપગ્રેડ અને એસેમ્બલી ક્ષમતાઓમાં વધારો કરીને ભવિષ્યની તૈયારીને મજબૂત બનાવી છે, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય બજારોમાં, મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં, સીએનજી, ડિફેન્સ, એર-કન્ડિશન્ડ વાહનોની વધતી માંગને પહોંચી વળવા માટે ટાટા મોટર્સ સાથે જોડાણ કર્યું છે.

(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ : ચોખ્ખી આવક ૧૪ ટકા વૃદ્ધિએ રૂ.૬૫૧ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૨૩ ટકા વધીને રૂ.૬૩ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૭.૧૬ ટકા થકી ચોખ્ખો નફો ૨૧ ટકા વૃદ્ધિએ રૂ.૪૭ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૭૬.૫૪ હાંસલ કરી હતી.

(૨) પ્રથમ ત્રિમાસિક એપ્રિલ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૫ : ચોખ્ખી આવક ૨૬ ટકા વૃદ્ધિએ રૂ.૨૪૮ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૨૭.૭૪ ટકા વધીને રૂ.૩૦.૯૦ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૯.૨૮ ટકા થકી ચોખ્ખો નફો ૨૯ ટકા વૃદ્ધિએ રૂ.૨૩ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૩૭.૯૦ હાંસલ કરી હતી.

(૩) બીજા ત્રિમાસિક જુલાઈ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૫ : ચોખ્ખી આવક ૫૯ ટકા વૃદ્ધિએ રૂ.૨૦૫ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૧૦૪ ટકા વધીને રૂ.૨૦ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૭.૧૪ ટકા થકી ચોખ્ખો નફો ૧૦૦ ટકા વૃદ્ધિએ રૂ.૧૫ કરોડ હાંસલ કર્યા છે.

(૪) અપેક્ષિત બીજા છમાસિક ઓક્ટોબર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ : અપેક્ષિત ચોખ્ખી આવક ૩૬ ટકા વૃદ્ધિએ રૂ.૪૪૨ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૫૩ ટકા વૃદ્ધિએ રૂ.૫૨ કરોડ નોંધાવી, નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૮.૮૧ ટકા થકી ચોખ્ખો નફો ૫૪ ટકા વૃદ્ધિએ રૂ.૩૯ કરોડ હાંસલ કરી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૬૪ અપેક્ષિત છે.

(૫) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ : અપેક્ષિત ચોખ્ખી આવક ૩૭ ટકા વૃદ્ધિએ રૂ.૮૯૫ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૬૩ ટકા વૃદ્ધિએ રૂ.૧૦૩ કરોડ નોંધાવી, અપેક્ષિત ચોખ્ખો નફો ૬૪ ટકા વૃદ્ધિએ રૂ.૭૭ કરોડ નોંધાવી શેર દીઠ પૂર્ણ વર્ષની આવક-ઈપીએસ રૂ.૧૨૬ અપેક્ષિત છે.

શેર દીઠ આવક-ઈપીએસ : માર્ચ ૨૦૨૧ના રૂ.૨૦.૫૪, માર્ચ ૨૦૨૨ના રૂ.૫.૬૫, માર્ચ ૨૦૨૩ના રૂ.૪૫.૭૩, માર્ચ ૨૦૨૪ના રૂ.૬૩.૦૨, માર્ચ ૨૦૨૫ના રૂ.૭૬.૫૪, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૧૨૬

ડિવિડન્ડ : કંપની કોવિડ પૂર્વે ચોખ્ખા નફાના ૫૫ થી ૬૦ ટકા ડિવિડન્ડ પે-આઉટ ટ્રેક રેકોર્ડ ધરાવે છે.

બુક વેલ્યુ : માર્ચ ૨૦૨૨ની રૂ.૨૭૭.૪૫, માર્ચ ૨૦૨૩ના રૂ.૩૧૮.૧૪, માર્ચ ૨૦૨૪ના રૂ.૩૫૯.૬૦, માર્ચ ૨૦૨૫ના રૂ.૪૧૬.૭૫, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૫૪૨

શેર હોલ્ડિંગ પેટર્ન : પ્રમોટર્સ ટાટા મોટર્સ હસ્તક ૪૯.૭૭ ટકા, કોર્પોરેટસ પાસે ૧૫.૧૪ ટકા, એચએનઆઈઝ પાસે ૧૫.૪૨ ટકા અને રિટેલ પાસે ૧૯.૬૭ ટકા છે.

એક્ત્રિત-કમ્પાઉન્ડેડ વેચાણ વૃદ્ધિ : પાંચ વર્ષમાં ૧૫ ટકા, ત્રણ વર્ષમાં ૩૩ ટકા અને ટીટીએમ ૨૩ ટકા

કમ્પાઉન્ડેડ નફા વૃદ્ધિ : પાંચ વર્ષમાં ૩૪ ટકા, ત્રણ વર્ષમાં ૭૧ ટકા અને ટીટીએમ ૨૯ ટકા.

શેર ભાવ : પાંચ વર્ષમાં ૩૪ ટકા, ત્રણ વર્ષમાં ૨૬ ટકા, છેલ્લા વર્ષમાં ૧૨ ટકા.

ઈક્વિટી પર વળતર : પાંચ વર્ષમાં ૧૧ ટકા, ત્રણ વર્ષમાં ૧૮ ટકા, છેલ્લા વર્ષમાં ૨૦ ટકા.

આરઓસીઈ : ૨૦૨૧માં ૯ ટકા, ૨૦૨૨માં પાંચ ટકા, ૨૦૨૩માં ૧૪ ટકા, ૨૦૨૪માં ૧૯ ટકા, ૨૦૨૫માં ૨૦ ટકા.

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા કવોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) અપેક્ષિત પૂર્ણ વર્ષ ૨૦૨૫-૨૬માં અપેક્ષિત શેર દીઠ આવક રૂ.૧૨૬ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૫૪૨ સામે ઓટોમોબાઈલ કોર્પોરેશન ઓફ ગોવા લિમિટેડનો શેર અત્યારે માત્ર બીએસઈ પર રૂ.૧૭૬૭ના ભાવે ૧૪ના પી/ઈએ ઉપલબ્ધ છે.

Incredible India | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | Gujarat Tourism

INTERNATIONAL KITE FESTIVAL

JANUARY 12TH TO 14TH, 2026



# જ્યાં દરેક પતંગ કહે છે એક અનોખી વાત!

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬ સાથે
ગુજરાતનું આકાશ રંગોથી છલકાઈ જશે, જ્યાં પરંપરા અને
પતંગબાજીના શાશ્વત આનંદનો અદ્ભુત સંગમ જોવા મળશે!



| શ્રી નરેન્દ્ર મોદી<br>માનનીય વડાપ્રધાન | શ્રી ફ્રેડરિક મૅર્ઝ<br>ફેડરલ ચાન્સેલર, ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ<br>માનનીય મુખ્યમંત્રી, ગુજરાત |
|---|---|---|

ઉદ્‌ઘાટક

## શ્રી નરેન્દ્ર મોદી

માનનીય વડાપ્રધાન

મુખ્ય અતિથિ

## શ્રી ફ્રેડરિક મૅર્ઝ

ફેડરલ ચાન્સેલર, ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની

ગરિમામયી ઉપસ્થિતિ

### શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### ડૉ. જયરામભાઈ ગામિત

માનનીય રાજ્યકક્ષા મંત્રી, પ્રવાસન, ગુજરાત

૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ | સવારે ૮:૦૦ વાગ્યાથી | સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ

## આકર્ષણો

| | | | |
|---|---|---|---|
| આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પતંગબાજી | હેરિટેજ હવેલી અને પોળ સંસ્કૃતિનું પ્રદર્શન | હેરિટેજ વૉક વે પર થીમ આધારિત કાઇટ મ્યૂઝિયમ | આકર્ષક ફોટો વૉલ ઇન્સ્ટૉલેશન |
| રાત્રિ પતંગબાજી (૧૩ જાન્યુઆરી, ૨૦૨૬) | ફૂડ સ્ટૉલ્સ | હસ્તકલા બજાર | ગ્રાન્ડ સિમ્ફની પરફોર્મન્સ |

વધુ માહિતી માટે ક્યૂઆર સ્કૅન કરો